RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 298, Dt.06-3-2025 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# કોઈપણ જાતિ મંદિરની માલિકીનો દાવો કરી શકે નહીં

## મદ્રાસ હાઈકોર્ટે આપ્યો મહત્વનો ચુકાદોઃ બંધારણમાં દર્શાવેલી ધાર્મિક પ્રથાઓને જાતિ સાથે સરખાવવાનો ક્યાંય ઉલ્લેખ નથી

**મુખ્ય સમાચાર,ચેન્નાઈ**

કોઈ પણ જાતિ મંદિરની માલિકીનો દાવો કરી શકશે નહીં. ભારતના બંધારણમાં જાતિના આધારે મંદિરની માલિકી કે સત્તા મેળવવાનો ક્યાંય ઉલ્લેખ નથી. બંધારણમાં ઉલ્લેખનીય ધાર્મિક પ્રથાઓમાં પણ જાતિ આધારિત મંદિરની માલિકીનો ઉલ્લેખ નથી. મદ્રાસ હાઈકોર્ટે આ અંગે મહત્ત્વનો ચુકાદો આપ્યો છે.

મદ્રાસ હાઈકોર્ટના જસ્ટિસ ભરત ચક્રવર્તીએ જણાવ્યું હતું કે, ઘણાં સામાજિક જૂથો જાતિના આધારે પોતાની ઓળખ બનાવી ધાર્મિક પ્રથાઓનું સંચાલન કરવાનો દાવો અને હક મેળવતા હોય છે. પરંતુ બંધારણમાં દર્શાવેલી ધાર્મિક પ્રથાઓને જાતિ સાથે સરખાવવાનો ક્યાંય ઉલ્લેખ નથી.

હાઈકોર્ટે કહયું કે, જાતિગત ભેદભાવમાં વિશ્વાસ કરતાં લોકો ધાર્મિક સંપ્રદાયની આડમાં પોતાની ઘૃણા અને અસમાનતા છુપાવવાનો પ્રયાસ કરે છે. મંદિરોને તેઓ સામાજિક અશાંતિ પેદા કરતું સ્થળ તેમજ વિભાજનકારી પ્રવૃત્તિઓને વેગ આપતું સ્થળ માને છે. અનેક જાહેર મંદિરોને વિશેષ જાતિ સાથે જોડવામાં આવી રહયા છે. ભારતના બંધારણની કલમ ૨૫ અને ૨૬ આવશ્યક ધાર્મિક પ્રથાઓ અને ધાર્મિક સંપ્રદાયોના અધિકારોની રક્ષા કરે છે. તેમાં કોઈ જાતિ દ્વારા મંદિરની માલિકીનો ઉલ્લેખ કે દાવો કરવામાં આવ્યો નથી. જાતિગત ઓળખના આધારે મંદિરનું સંચાલન ધાર્મિક પ્રથા નથી. આ મામલો હવે એકીકળત હોવો જોઈએ નહીં.

હાઈકોર્ટે આ ટિપ્પણી હિન્દુ રીલિજિયસ એન્ડ ચેરિટેબલ એન્ડોમેન્ટ ડિપાર્ટમેન્ટ (એચઆરએન્ડસીઈ ડિપાર્ટમેન્ટ)ની અરૂલમિઘુ પોંકલિમ્મન મંદિરનું સંચાલન અલગ કરવાની માગ કરતી અપીલ પર કરી હતી. હાઈકોર્ટે અરૂલમિઘુ મરિઅમ્મન, અંગલમ્મન, અને પેરૂમલ મંદિરનું સંચાલન જાતિના આધારે અલગ કરવાની અરજી ફગાવતા આ ટિપ્પણી કરી હતી.



અરજદારે તર્ક આપ્યો હતો કે, અન્ય ત્રણ મંદિરનું મેનેજમેન્ટ ઘણી જાતિઓ અને વ્યક્તિ દ્વારા થઈ રહયું હતું. જ્યારે પોંકલીઅમ્મન મંદિરનું મેનેજમેન્ટ ઐતિહાસિક રૂપે તેમની જાતિના સભ્યો દ્વારા જ કરવામાં આવે છે. જો કે, હાઈકોર્ટે આ માગને જાતિગત ભાગલાને પ્રોત્સાહન આપવાનું ગણાવી ફગાવી હતી.

## લાંબા લિવ-ઈન રિલેશનશિપમાં મહિલા પુરૂષ પર બળાત્કારનો આરોપ લગાવી શકે નહીં : સુપ્રીમ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

લાંબા સમય સુધી લિવ-ઈન રિલેશનશિપમાં રહયા પછી, સ્ત્રી તેના પાર્ટનર પર બળાત્કારનો આરોપ લગાવી શકશે નહીં. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે એક બળાત્કાર કેસમાં આ ચુકાદો આપ્યો છે. ખાસ વાત એ છે કે બંને એક દાયકાથી વધુ સમયથી સાથે હતા. કોર્ટે તેને સંબંધોમાં ખટાશનો કેસ ગણાવ્યો છે. ઉપરાંત, અપીલકર્તાને ફોજદારી કાર્યવાહીમાંથી રાહત આપવામાં આવી છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ, સુપ્રીમ કોર્ટે કહ્યું કે આવી પરિસ્થિતિઓમાં એ સ્પષ્ટ કરી શકાય નહીં કે શારીરિક સંબંધ ફકત લગ્નના વચનના આધારે બનાવવામાં આવ્યો હતો. મહિલાએ આરોપ લગાવ્યો હતો કે તે લગ્નના વચનના આધારે આરોપી બેંક અધિકારી સાથે ૧૬ વર્ષથી સંબંધમાં હતી. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચ આ અરજી પર સુનાવણી કરી રહી હતી.

ફરિયાદી મહિલા વ્યવસાયે લેક્ચરર છે. કોર્ટે તેમની અરજી સ્વીકારવાનો ઈનકાર કરી દીધો છે. રિપોર્ટ અનુસાર, કોર્ટે કહ્યું કે તે બંને શિક્ષિત હતા અને આ સંબંધ સંમતિથી હતો કારણ કે તેઓ અલગ અલગ શહેરોમાં રહેતા હોવા છતાં એકબીજાના ઘરે જતા હતા. કોર્ટે કહયું કે આ સ્પષ્ટપણે સંબંધોમાં ખટાશનો મામલો છે.

## અમેરિકી સંસદમાં ૧૦૦ ડોલરની ચલણી નોટ પર ટ્રમ્પનો ફોટો લગાવવાની માંગ સાથે બીલ રજુ


### કાયદા મુજબ જીવિત વ્યકિતનો ફોટો કરન્સી નોટ પર મુકી શકાતો નથી છતાં સાંસદે નિયમમાં બદલાવ સાથે બીલ પેશ કર્યુ : લોકોમાં મિશ્ર પ્રતિભાવ

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

અમેરિકામાં પ્રમુખ પદે સત્તારૂઢ થયા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ ટેરીફ વોરથી માંડીને વિશ્વભરમાં પ્રત્યાઘાતો સર્જતા નિર્ણયો લઈ રહ્યા છે ત્યારે હવે અમેરિકી સાંસદ બ્રેન્ડોન ગીલે ૧૦૦ ડોલરની ચલણી નોટ પર ટ્રમ્પનો ફોટો લગાવવાની માંગ સાથે બીલ રજુ કર્યુ છે.

આ વિધેયક પસાર થવાના સંજોગોમાં ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં ટ્રેઝરી વિભાગે ૧૦૦ ડોલરની નોટની નવી ડિઝાઈન જારી કરવી પડશે અને ૩૧ ડિસેમ્બર ૨૦૨૮ પછી રજુ થનારા તમામ બીલ પર ટ્રમ્પનો ફોટો ફરજીયાત બનશે. અમેરિકાના કાયદા પ્રમાણે અમેરિકી કરન્સી નોટ પર જીવિત વ્યકિતનો ફોટો મુકી શકાતો નથી. ટેકસાસના સાંસદ દ્વારા ગોલ્ડન એજ એકટ ઓફ ૨૦૨૫ તરીકે આ બીલ પેશ કરવામાં આવ્યું છે. સાંસદના આ વિધેયકને ટ્રમ્પના સમર્થકોએ પણ તેને સમર્થન કર્યુ છે.

સાંસદે એમ કહ્યું કે, અમેરિકાનો સુવર્ણ યુગ હજુ શરૂ થયો છે. અમેરિકાને ફરી મહાન બનાવવા માટે લડાઈ લડવા સિવાય કોઈ કામ કરવાનું નથી.



સાંસદના ટવીટને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો.

કેટલાકે ટીકા કરી હતી જયારે અનેકે સમર્થન કર્યુ હતું. સાંસદ ગીલે કહ્યું કે, અમેરિકાને ફરી સુવર્ણ યુગમાં મુકવા ટ્રમ્પ જેવું કોઈએ કામ કર્યુ નથી અને તે માટે ગોળી (હત્યાનો પ્રયાસ) પણ ઝીલી છે. તેમને આદર-માન આપવાનો આ પ્રયાસ છે.

## ધાંગધ્રા માલવણ હાઈવે પર ગોઝારો અકસ્માત

### પૂરપાટ ઝડપે જતી ઈકો કાર ટ્રકમાં ઘૂસી જતાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોતઃ ચાર ઘાયલ

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લામાં અકસ્માતો ની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે અને ખાસ કરીને સુરેનૂદ્રનગર જિલ્લાના જે આવેલા છે જ્યાં રોજબરોજ નાના મોટા અકસ્માતો સર્જાયા કરતા હોય છે ત્યારે દર ૨૪ કલાકે એક જિંદગી અકસ્માતમાં મોતમાં હોમાઈ રહી છે ત્યારે ધાંગધ્રા માલવણ હાઈવે ઉપર ફરી એક વખત અકસ્માત સર્જાયો છે. અકસ્માતમાં ઘટના સ્થળે ત્રણ લોકોના મોત નિપજવા પામ્યા છે..

ધાંગધ્રા માલવણ હાઈવે ઉપર આવેલા હરીપર બ્રિજ નજીક આ પ્રકારનો અકસ્માત સર્જાયો છે જોકે અકસ્માતને લઈ હાઈવે ઉપર પણ ટ્રાફિક જામના દ્રશ્ય સર્જાઈ જવા પામ્યા છે ટ્રક બંધ પડ્યો હતો તે દરમિયાન ઈકો કાર ટ્રક પાછળ અથડાઈ છે એક જ પરિવારના ત્રણ સભ્યોના ઘટના સ્થળે મોત થયા છે ચાર લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સારવાર માટે ધાંગધ્રા સરકારી હોસ્પિટલ ખાતે ૧૦૮ મારફતે લઈ જવામાં આવ્યા છે અને પોલીસ પણ ત્યાં દોડી ગઈ છે.

અમદાવાદ ખાતે રિસેપ્શનમાં હાજરી આપી અને પરત ફરતા હતા તે દરમિયાન હરીપર બ્રિજ નજીક આ પ્રકારની ઘટના બની છે ખાસ કરીને



હાઈવે ઉપર બંધ પડેલા ટ્રકો વારંવાર અકસ્માતો સર્જતા હોય છે જેમાં વિશાલભાઈ અને કિશોરભાઈ અને પ્રફુલાબેન નું મોત નીપજવા પામ્યું છે જોકે તમામના મળતદેહોને પીએમ માટે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

## દિલ્હી સહિત ઉતર ભારત ફરી ઠંડીમાં ઠુંઠવાયું

### સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આજે પણ શિતલહેરો વચ્ચે ઠંડુ વાતાવરણ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દિલ્હી-એનસીઆર સહીત દેશભરનાં અનેક રાજયોમાં ફરી એકવાર મોસમનો મિજાજ બદલી ગયો છે.થોડા દિવસો પહેલા ફેબ્રુઆરીમાં ગરમીનો પારો વધી રહ્યો હતો તેના બદલે માર્ચમાં બર્ફીલી હવાઓ ફરીથી ઠંડી વધારી રહી છે. દિલ્હી, યુપી,બિહાર, મધ્યપ્રદેશ, હરીયાણા, પંજાબ, ઉતરાખંડ, હિમાચલ અને કાશ્મીરમાં ગરમીનો પારો ગગડવાથી ઠંડી વધી રહી છે.


રાજધાની દિલ્હીમાં મંગળવારથી જ ભારે પવન અને રાત્રે બર્ફીલી હવાઓના કારણે તાપમાન ઘટી ગયુ છે અને મોર્નીંગ વોકમાં નીકળેલા લોકોને ઠંડીનો અહેસાસ થયો હતો.

બીજી બાજુ કાશ્મીરનાં અનેક ઉંચાઈવાળા વિસ્તારોમાં બરફવર્ષા થઈ છે.જયારે ખીણનાં અનેક ભાગોમાં વરસાદ થયો છે. બારામુલાના કેટલાંક વિસ્તારોની સાથે સાથે ગુલમર્ગ, પહલગામ, સોનમર્ગ વગેરે ઉંચા વિસ્તારોમાં બરફવર્ષા થઈ હતી. શ્રીનગર સહીતનાં ખીણમાં વ્યાપક વરસાદ નોંધાયો છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આજરોજ પણ સવારના ભાગે શિત લહેરોતી તાપમાન નીચુ રહેતા ઠંડક અનુભવાઈ હતી જો કે હવે કાલથી ફરી તાપમાન ૪થી ૫ ડીગ્રી ઉંચકાશે અને તાપમાન વધશે તેવો હવામાન વિભાગનો નિર્દેશ છે.

જયારે આજે સવારે નલીયા ખાતે ૧૧.૫, ભુજમાં ૧૮, કંડલામાં ૧૭.૬, રાજકોટમાં ૧૪, પોરબંદરમાં ૧૪.૫, વેરાવળમાં ૧૯.૩ ડીગ્રી તથા અમદાવાદમાં ૧૪.૭, અમરેલીમાં ૧૪.૫, વડોદરામાં ૧૪.૪ અને ભાવનગરમાં ૧૬, દમણમાં ૧૬.૮ ડિસામાં ૧૪.૬ દિવમાં ૧૪.૩ અને ગાંધીનગરમાં ૧૨.૨ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

જયારે જામનગર શહેરમાં છેલ્લા ૪૮ કલાકમાં લઘુતમ તાપમાનમાં ૬ ડીગ્રી નીચે સરકીને ૧૪.૫ ડીગ્રી નોંધાયું હતું. તો પવનની ગતિ પ્રતિ કલાકમાં ૪ કિમીના ઘટાડા સાથે ૬ કીમી રહી છે. આમ લઘુતમ તાપમાન ઘટતા ઠંડીનો ચમકારાના લીધે લોકોએ ગરમ વસ્ત્રો ધારણ કરવાની ફરજ પડી



હતી. જામનગરમાં લઘુતમ તામપાનમાં છેલ્લા ૨૪ કલાકમાં લઘુતમ તાપમાનમાં ૨ ડીગ્રી નોંધાયું હતું તો મહતમ તાપમાન ૩૦.૮ ડીગ્રી નોંધાયું હતું. જયારે શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૪૭ ટકા અને પવનની ગતી ૬ કી.મી. નોંધાઈ હતી.

## ભારતમાં અમીરોની સંખ્યામાં વધારો થયો

### ■ ચીન અને અમેરિકા પછી ભારતમાં સૌથી વધુ અમીરો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં એકબાજુ આમજન બે છેડા ભેગા કરવાની પળોજણમાં પડ્યો છે ત્યારે અમીર વધુ અમીર બની રહ્યો છે.ભારતમાં અમીરોની સંખ્યામાં વધારો થયો છે.અમેરીકા અને ચીન બાદ સૌથી વધુ અબજોપતિઓ ભારતમાં હોવાનો ખુલાસો થયો છે.

દેશમાં હવે એક કરોડ ડોલર (લગભગ ૮૭ કરોડ રૂપિયા)થી વધુ સંપતિ ધરાવતા ભારતીયોની સંખ્યા ગત વર્ષ ૬ ટકા વધીને ૮૫૬૯૮ થઈ ગઈ છે. ભારતમાં હવે ૧૯૧



અબજોપતિ છે.

આ જાણકારી વૈશ્વિક રિયલ એસ્ટેટ પરામર્શ કંપની નાઈટ ફ્રેન્કની બુધવારે જાહેર ધી વેલ્થ રિપોર્ટ-૨૦૨૫ માં બહાર આવી છે. રિપોર્ટ અનુસાર ભારતમાં ઉચ્ચ નેટવર્થવાળા (એચએનડબલ્યુઆઈ)ની સંખ્યા વધીને ૨૦૨૪ માં ૮૫૬૯૮ થવાનું અનુમાન છે.જયારે ૨૦૨૩ માં તે સંખ્યા ૮૦,૬૮૬ હતી. કંપનીએ જણાવ્યું હતું કે, ૨૦૨૮ સુધી આ સંખ્યા વધીને ૯૩૭૫૩ ઉપર પહોંચવાની આશા છે.આથી જાણવા મળે છે કે ભારતમાં અમીરોની સંખ્યા વધી છે. ઉચ્ચ નેટવર્થવાળા લોકોની વધતી સંખ્યા દેશની મજબુત દીર્ઘકાલીન આર્થિક વૃધ્ધિ વધતી રોકાણની તકો અને વિકસીત થઈ રહેલા લકઝરી બજારને દર્શાવે છે. જે ભારતને વૈશ્વિક ધન સર્જનમાં એક મુખ્ય દેશ તરીકે સ્થાપિત કરે છે. રિપોર્ટ મુજબ આગામી કેટલાંક વર્ષોમાં આ આંકડો વધવાની આશા છે. શિશિર બૈજલે કહ્યું હતું કે, ભારતનો ઉચ્ચ નેટવર્થવાળો વર્ગ પોતાના રોકાણ પ્રાથમીકતાઓને રિયલ એસ્ટેટથી લઈને વૈશ્વિક ઈકવીટી સુધી મહત્વ આપી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, આવનારા દાયકામાં વૈશ્વિક સંપતિ સર્જનમાં ભારતની અસર વધુ મજબૂત બનશે.

## વિદેશ મંત્રી એસ.જયશંકર પર લંડનમાં ખાલીસ્તાની દેખાવકારનો હુમલો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

અમેરિકાના ટેરીફ વોર વચ્ચે હાલ પાંચ દિવસની બ્રિટન મુલાકાતે પહોંચેલા વિદેશ મંત્રી એસ.જયશંકર પર લંડનમાં ખાલીસ્તાની દેખાવકારોએ હુમલાનો પ્રયાસ કર્યો હતો તથા તેમની સતાવાર કારને આંતરવામાં આવી હતી તથા કાર પર ફરકતા ભારતના રાષ્ટ્રધ્વજને ફાડી નખાયો હતો.

શ્રી જયશંકર લંડનના પ્રતિષ્ઠિત ચૈથમ હાઉસ પોતાનો કાર્યક્રમ પુરો કરીને પરત જઈ રહ્યા હતા તે સમયે આ ઘટના બની હતી અને અહી સુરક્ષા માટે તૈનાત બ્રિટીશ પોલીસ મુક તમાશો જોઈ રહી હતી. આ ઘટનાએ ભારતને સ્તબ્ધ કરી દીધુ છે.

બ્રિટનમાં રોયલ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ટરનેશનલ અફેર્સ ચૈથમ હાઉસ એ વિશ્વભરમાં ડિપ્લોમસી ચર્ચા માટે જાણીતુ છે અને શ્રી જયશંકર અહી આયોજીત એક ચર્ચામાં ભાગ લઈને પરત હોટેલ પર જઈ રહ્યા હતા તે સમયે આ ઘટના બની હતી. શ્રી જયશંકરના આગમન પુર્વે જ અહી ખાલીસ્તાની ધ્વજો લઈને સંખ્યાબંધ દેખાવકારો ઉપસ્થિત હતા અને ભારત વિરોધી નારેબાજી કરતા હતા પણ બ્રિટીશ પોલીસે કોઈ વધારાની સુરક્ષાની ચિંતા કરી ન હતી.

ચૈથમ હાઉસમાં કાર્યક્રમ ચાલુ હતો તે સમયે પણ અલગતાવાદીઓ બહાર દેખાવો કરી રહ્યા હતા. વિદેશમંત્રી શ્રી જયશંકર ચૈથમ હાઉસની બહાર નીકળી તેમની કાર ભણી જઈ રહ્યા હતા તે સમયે અચાનક જ એક અલગતાવાદી ત્યાં દોડી આવ્યો હતો અને જયશંકર પર હુમલાનો પ્રયાસ



કર્યો.

જો કે તે પુર્વે જ વિદેશમંત્રી તેમની કારમાં બેસી ગયા અને તેની દેખાવકારે કારની આગળ બોનેટમાં ફરકતો ભારતનો રાષ્ટ્રધ્વજ ખેચીને ફાડી નાખ્યો હતો. આ સમયે અન્ય પ્રદર્શનકારીઓ હેન્ડી લાઉડ સ્પીકર લઈને ખાલીસ્તાન તરફી અને ભારત વિરોધી નારેબાજી ચાલુ રાખી હતી.

અગાઉ પણ જાન્યુઆરી માસમાં ખાલીસ્તાનીઓએ ભારતીય દૂતાવાસ વિરુદ્ધ દેખાવો કર્યા હતા તથા કંગના રનૌતની ફિલ્મ નઈમરજન્સીથ પ્રદર્શિત કરી રહેલા એક સિનેમાઘર પર હુમલો કરીને તોડફોડ કરી હતી. એનઆઈએ સમાચાર સંસ્થાના જણાવ્યા મુજબ પંજાબમાં પોલીસે જે રીતે વારીસ પંજાબ ડેના પ્રમુખ અને સાંસદ અમૃતપાલ સામે કાર્યવાહી કરી તેનો વિરોધ કરી રહ્યા હતા.

## ભાજપ જીલ્લા - મહાનગરોના પ્રમુખોની આજે જાહેરાત

### સવારે ૧૧થી રાત્રીના ૮ સુધી રાજયભરમાં નવા પ્રમુખોની નિયુક્તિ

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીમાં ભવ્ય વિજય અને ગઈકાલે જૂનાગઢ મહાપાલિકા અને ૬૬ નગરપાલિકા તથા ત્રણ તાલુકા પંચાયતોમાં નવા સુકાનીની નિયુક્તિના કલાકોમાંજ ભાજપે લાંબા સમયથી પેન્ડીંગ રહેલા સંગઠન નવરચનાનો દૌર ફરી હાથમાં લીધો છે. આજે રાજયમાં તમામ ૩૩ જીલ્લાઓ તથા આઠ મહાનગરોમાં નવા પ્રમુખોની નિયુક્તિની જાહેરાત કરવાનો કાર્યક્રમ જાહેર થતા જ ભાજપમાં જબરી ઉતેજના શરૂ થઈ છે.

ગઈકાલે જ સાંજ સમાચારે આપેલા સંકેત મુજબ આજે સવારના ૧૧થી રાત્રીના ૮ વાગ્યા સુધીમાં આ પ્રક્રિયા પુરી કરાશે અને તે માટે અગાઉ જારી થયેલા કલસ્ટર ઈનચાર્જ ને ગઈકાલે સાંજે જ સંદેશા મોકલી અપાયા હતા અને આજે તેઓ પોતાના ફાળવાયેલા જીલ્લા મહાનગરોમાં પહોંચીને પ્રદેશથી મળનારા ઈ-મેલ મુજબ નવા જીલ્લા મહાનગરોના પ્રમુખોની નિયુક્તિ કરશે. જો કે તમામ ૩૩ જીલ્લા અને ૮ મહાનગરોમાં આ નિયુક્તિ થશે કે કેમ તે હજુ સ્પષ્ટ નથી પણ સૌરાષ્ટ્રમાં રાજકોટ, કચ્છ, ભાવનગર, જુનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, પોરબંદર તથા દેવભૂમિ દ્વારકા માટે કલસ્ટર પ્રભારીઓને સૂચના મળી ગઈ હોવાના સંકેત છે. જેમાં સૌપ્રથમ સવારે ૧૧ વાગ્યે જૂનાગઢ જીલ્લા અને બપોરે ૧૨ વાગ્યે જૂનાગઢ શહેર બાદમાં ૩ વાગ્યે ગીર સોમનાથમાં કલસ્ટર પ્રભારી શ્રી મોહનભાઈ કુંડારીયા નામોની જાહેરાત



કરશે તો રાજકોટ શહેરના પુર્વ પ્રમુખ શ્રી કમલેશ મીરાણી બપોરે ૧૨ વાગ્યે ભાવનગર કચ્છમાં શ્રી કશ્યપ શુકલા સાંજના ૭ વાગ્યે નામો જાહેર કરશે.

આજ રીતે તમામ જીલ્લા-મહાનગરોમાં નામોની જાહેરાત થતા જ આજે ભાજપના સંગઠનમાં પ્રમુખપદે નવા ચહેરાઓ આવે તેવા સંકેત છે. રાજકોટમાં રાત્રીના ૮ વાગ્યે કલસ્ટર પ્રભારી શ્રી મયંકભાઈ નાયક તેમના સાથીદારો સાથે રાજકોટ શહેર ભાજપ કાર્યાલય ખાતે રાત્રીના ૮ વાગ્યે રાજકોટ શહેર-જિલ્લાના નામો જારી કરશે.સૂત્રોના જણાવ્યા મુજબ તમામ ૩૩ જીલ્લા મહાનગરોમાં આ નામોની જાહેરાતમાં આવરી લેવાય તેવી શકયતા નહીવત છે. ખાસ કરીને જયાં વધુ જૂથવાદ નજરે ચડયો ત્યાં પક્ષ મોટું ઓપરેશન પણ કરી શકે છે.

## રાજકોટ રેંજના આઈજી અશોકકુમાર યાદવે જામનગર પોલીસ અધિક્ષક કચેરી ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજી



જામનગરમા રાજકોટ રેંજના આઈજી અશોકકુમાર યાદવે જામનગર પોલીસ અધિક્ષક કચેરી ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ બેઠકમાં રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવેલા ત્રણ નવા કાયદાઓની અમલવારી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ નવા કાયદાઓનું અમલીકરણ ટૂંક સમયમાં શરૂ થવાનું હોવાથી, આઈજી યાદવે તમામ ઉચ્ચ અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા–વિચારણા કરી હતી. આ બેઠક દ્વારા કાયદાઓના અસરકારક અમલીકરણ માટેની રણનીતિ ઘડવામાં આવી હતી.

## જામનગરમાં પોષણ ઉત્સવ અંતર્ગત જિલ્લા કક્ષાની પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું આયોજન કરાયું





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર આઈ.સી.ડી.એસ. શાખા દ્વારા પોષણ ઉત્સવ અંતર્ગત જીલ્લા કક્ષાની પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું આયોજન કુંવરબાઈ જૈન ધર્મશાળા ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં જામનગર જિલ્લાના ૬ તાલુકાના ૭ ઘટક કક્ષાએ ટેક હોમ રાશનમાંથી, મિલેટ અને સરગવામાંથી બનતી વાનગીમાં પ્રથમ,દ્વિતીય અને તૃતીય નંબર મેળવેલ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ભાગ લેનાર આંગણવાડી કાર્યકર અને લાભાર્થીઓ દ્વારા વિવિધ ૪૨ પ્રકારની વાનગીઓ બનાવવામાં આવી હતી. મિલેટ અને THR માંથી ૧ થી ૩ નંબર મેળવેલ સ્પર્ધકોને ઈનામ અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. વધુમાં, જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામને ઉકાળા વિતરણ કરવામાં આવ્યું હતું. આંગણવાડીની બહેનોએ મિલેટ્સનો હાંડવો, મિલેટ્સના પિઝા, બાજરીની ચાટ, રાગીના લાડુ, રાગીના ઢોસા, બાજરીની ઈડલી, THRમાંથી ખજુરપાક, કેક, મુઠીયા, પૂર્ણાશક્તિ અને અળવીનાં પાતરા, મન્ચુરિયન વગેરે જેવી વાનગીઓ બનાવી હતી. જે દર્શાવે છે કે સ્વાદિષ્ટ અને ચટપટુ ભોજન THR અને મિલેટ્સમાંથી પોષ્ટીક રીતે બનાવી શકાય છે. આ વાનગી સ્પર્ધામાં નિર્ણાયક તરીકે જિલ્લા આંકડા અધિકારી બિનલબેન સુથાર, જિલ્લા આયુર્વેદ અધિકારી ડો. એ.ડી. જૈસવાલ, આયુર્વેદ ખધ ડો. ફોરમ પરમાર વગેરેએ પોતાનું યોગદાન આપ્યું હતું તેમજ લાભાર્થીઓને THR અને મીલેટસ પોતાના રોજિંદા જીવનમાં સ્થાન આપવા માટે અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં મહિલા અને બાળ વિકાસ યુવા પ્રવૃત્તિ સમિતિનાં ચેરમેન ભાવનાબેન ભેંસદડીયા, જિલ્લા પ્રોગ્રામ ઓફિસર પ્રજ્ઞાબેન રાવલ, જિલ્લાનાં બાળ વિકાસ અધિકારી, તમામ મુખ્ય સેવિકા તેમજ ICDS શાખાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## મોરબી સરકારી હોસ્પીટલમાં લેબ ટેકનિશિયનની ખાલી જગ્યા ભરવા કોંગ્રેસ પ્રમુખની રજુઆત

**મુખ્ય સમાચાર,મોરબી**



મોરબી સરકારી હોસ્પિટલમાં આરોગ્ય સેવાઓને વધુ અસરકારક બનાવવા અને લોકો સુધી સુવિધાઓ સુચારુ રીતે પહોંચે, તે માટે હોસ્પિટલમાં લાંબા સમયથી ખાલી પડેલી લેબ ટેકનિશિયન (આઈ.ડી.એસ.પી.) ની ખાલી જગ્યા ભરવા મોરબી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોરભાઈ ચિખલીયાએ જીલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરી છે.

મોરબી સરકારી હોસ્પિટલમાં લાંબા સમયથી લેબ ટેકનિશિયન (આઈ.ડી.એસ.પી.)ની ખાલી જગ્યા ભરવામાં આવી નથી, જેના કારણે આરોગ્ય સેવાઓ અસરગ્રસ્ત થઈ રહી છે. મોરબી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોરભાઈ ચિખલીયાએ જીલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરી, તાત્કાલિક ભરતીની માંગણી કરી છે. આ અંગે જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોરભાઈ ચિખલીયાએ જીલ્લાધિકારીને તાત્કાલિક કાર્યવાહી કરવા અને યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારની નિમણૂક કરવા રજૂઆત કરી છે.

## મોરબીમાં પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલ કુલ ત્રણ આરોપીઓની પાસા તળે અટકાયત

**મુખ્ય સમાચાર,મોરબી**



મોરબી જીલ્લામાં પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલ કુલ ત્રણ આરોપીઓ જેમાં મોરબી તાલુકામાં એક જ્યારે હળવદ પોલીસ મથકમાં બે એમ કુલ ત્રણ આરોપીઓના પાસા વોરંટ ઈસ્યુ થતા મોરબી તાલુકા પોલીસ તથા હળવદ પોલીસ દ્વારા ત્રણેય આરોપીઓની અટકાયત કરી વડોદરા, અમદાવાદ અને જૂનાગઢ જેલ હવાલે કરવામાં આવેલ છે.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીની સૂચના મુજબ જીલ્લામાં પ્રોહી–જુગારની અસામાજિક પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા તેમજ પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલ ઈસમો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી પાસા દરખાસ્ત કરવા સુચના કરેલ હોય, જે અનુસંધાને મોરબી તાલુકા અને હળવદ પોલીસ મથક પીઆઈ એમ બંને અધિકારીઓ દ્વારા પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલ કુલ ત્રણ ઈસમો સામે પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલતા મોરબી જીલ્લા મેજીસ્ટ્રેટ તરફથી પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલ આરોપીઓ ભાવેશભાઈ ઉર્ફે મુન્નો પરબતભાઈ ધ્રાંગા ઉવ–૪૪ રહે. જુના નાગડાવાસ તા–જી મોરબી તથા આરોપી ઘનશ્યામભાઈ શંકરભાઈ ઉર્ફે હકકાભાઈ બાહુન્દ્રા રહે.ગામ કાંત્રોડી (કુંતલપુર) તા.મુળી જી.સુરેન્દ્રનગર તેમજ આરોપી હસમુખભાઈ મધુભાઈ દેકાવાડીયા રહે.ગામ ભવાનીગઢ(જોકડા) તા.મુળી જી.સુરેન્દ્રનગર એમ ત્રણેય આરોપીઓના પાસા વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યા હોય ત્યારે ત્રણેય આરોપીઓની અટકાયત કરવા મોરબી તાલુકા તથા હળવદ પોલીસ દ્વારા જુદીજુદી ટીમો બનાવી ત્રણેય આરોપીઓની અટકાયત કરી પાસા એક્ટ હેઠળ ડિટેઈન કરી આરોપી ભાવેશભાઈ ઉર્ફે મુન્નો પરબતભાઈ ધ્રાંગાને વડોદરા મધ્યસ્થ જેલ તેમજ આરોપી ઘનશ્યામભાઈ શંકરભાઈ ઉર્ફે હકકાભાઈ બાહુન્દ્રાને અમદાવાદ જેલ તથા આરોપી હસમુખભાઈ મધુભાઈ દેકાવાડીયાને જૂનાગઢ જેલ હવાલે કરવામાં આવ્યા છે.

## ટંકારા નગરનાકા નજીક લાયસન્સયુક્ત હથિયાર સાથે એક શખ્સ ઝડપાયો

- **હથિયાર પરવાનાનો ભંગ કરનાર રાજકોટના શખ્સ સામે આમ્સ એક્ટ અને જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધાયો**

**મુખ્ય સમાચાર,મોરબી**

ટંકારા પોલીસ સ્ટેશનની ટીમે મોરબી–રાજકોટ હાઈવે પર નાકાબંધી દરમિયાન રાજકોટ શહેરના એક શખ્સને લાયસન્સયુક્ત રિવોલ્વર અને જીવતા કાર્ટીઝ સાથે ઝડપી લેવામાં આવ્યો છે. આરોપીનો હથિયાર પરવાનો માત્ર રાજકોટ માટે માન્ય હોવા છતાં તે ટંકારા નગરનાકા નજીક હથિયાર સાથે પકડાયો હતો. જેથી આરોપી શખ્સ વિરુદ્ધ આર્મ્સ એક્ટ અને જી.પી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ટંકારા પોલીસ મથક ટીમ મોરબી રાજકોટ રોડ ઉપર નગરનાકા નજીક વાહન ચેકીંગની કામગીરીમાં હોય તે દરમિયાન દુર્ગેશભાઈ કાંતીભાઈ સગપરીયા ઉવ.૩૫ રહે. સાધના સોસાયટી રાજકોટવાળાને પોલીસ તપાસ દરમિયાન ઉપરોક્ત આરોપી પાસે એક લાયસન્સયુક્ત રિવોલ્વર કિ.રૂ.૧૦ હજાર અને જીવતા કારતૂસ ૫ નંગ કિ.રૂ.૫૦૦/–ના મુદ્દામાલ સાથે પકડી લેવામાં આવ્યો હતો, આરોપી પાસે રહેલ હથિયારનો પરવાનો માત્ર રાજકોટ સીટી માટે માન્ય હતુ, અને તે આરોપી હથિયાર સાથે રાખી ટંકારા ગામ ખાતે ફરતો હોય, ત્યારે પોલીસ કમિશનર, રાજકોટ દ્વારા આપવામાં આવેલા હથિયાર પરવાનાના ભંગ અને મોરબી જીલ્લા મેજીસ્ટ્રેટના હથિયાર બંધી જાહેરનામાના ઉલ્લંઘન કરવા બદલ આરોપી વિરુદ્ધ આર્મ્સ એક્ટ અને જી.પી. એક્ટ કલમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

## મોરબીમાં બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત અનાથ દિકરીઓને શૈક્ષણિક કીટ વિતરણ કરાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**



મોરબી જીલ્લા વહીવટી તંત્ર અને જીલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત નઅનાથ દિકરીઓને શૈક્ષણિક કીટ વિતરણથ કાર્યક્રમનું આયોજન કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે નઅનાથ દિકરીઓને શૈક્ષણિક કીટ વિતરણથ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જીલ્લા કલેકટર કે.બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને આયોજિત કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્યથી કરવામાં આવેલ હતી કાર્યક્રમના અધ્યક્ષ જીલ્લા કલેકટર કે.બી. ઝવેરીએ માર્ગદર્શન આપતા કહ્યું કે કારકિર્દી ઘડતર માટે સતત અભ્યાસ અને નિશ્ચિત ધ્યેય જરૂરી છે અને વિશેષમાં સરકારના તમામ લાભ અર્થે આપને જયારે જરૂરિયાત જણાય ત્યારે જીલ્લા વહીવટી તંત્ર મદદ કરવા સતત તત્પર છે તેવું જણાવવામાં આવ્યું હતું. જીલ્લા મહિલા અને બાળ અધિકારી જલ્પાબેન ત્રિવેદી દ્વારા શાબ્દિક સ્વાગત કરેલ ત્યારબાદ જીલ્લા નિવાસી અધિક કલેક્ટર એસ.જે. ખાચર દ્વારા દીકરીઓમાં શિક્ષણના મહત્વ વિશે સંદેશો આપેલ. ઉપસ્થિત દીકરીઓને જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરી તથા જીલ્લા નિવાસી અધિક કલેક્ટર એસ.જે. ખાચરના હસ્તે અનાથ દિકરીઓને શૈક્ષણિક કીટ વિતરણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જીલ્લા બાળ સુરક્ષા અધિકારી વિપુલભાઈ શેરસીયા, ડીસ્ટ્રીક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન મોરબી સ્ટાફ તથા જીલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી સ્ટાફ હાજર રહ્યા હતા.

## ટંકારાના સાવડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રક્તદાન કેમ્પ યોજાયોઃ ૧૦૪ યુનિટ બ્લડ કલેક્શન

### મોરબી જીલ્લા વિકાસ અધિકારી અને આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કેમ્પમાં ગ્રામજનોએ ઉત્સાહ દાખવ્યો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લાના સાવડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે તાલુકા હેલ્થ કચેરી ટંકારા, ઋષભઊિજ્જ મેડિકલ કોલેજ મોરબી તથા સાવડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સહયોગથી રક્તદાન કેમ્પ યોજાયો હતો. ગામના સરપંચ, તલાટી મંત્રી, તબીબો અને આગેવાનોની ઉપસ્થિતિમાં કેમ્પનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું, ત્યારે કુલ ૧૦૪ યુનિટ બ્લડ એકત્ર કરવામાં આવ્યું હતું. આ સાથે સ્વ. દુધીબેન અંબારામભાઈ કાલાવડીયાના સ્મરણાર્થે રમેશભાઈ કાલાવડીયા દ્વારા દાતાઓને પ્રોત્સાહન રૂપે ઘડિયાળ આપવામાં આવી હતી.

મોરબી જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. સંજય શાહના માર્ગદર્શન હેઠળ તાલુકા હેલ્થ કચેરી ટંકારા, ઋષભઊિજ્જ મેડિકલ કોલેજ મોરબી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સાવડીના સંયુક્ત ઉપક્રમે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. સાવડી ગામના સરપંચ, ટંકારા તાલુકા ભાજપ સંગઠનના સભ્યો, એપિડેમિક મેડિકલ ઓફિસર ડો. દીપક બાવરવા, તલાટી મંત્રી અને ગામના અગ્રણીઓની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય સાથે કેમ્પનું ઉદઘાટન કરી કેમ્પ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ગામજનોને રક્તદાન માટે પ્રેરિત કરવા આગેવાનો દ્વારા હકારાત્મક વિચારો રાજુ કરવામાં આવ્યા હતા. આ કેમ્પમાં સાવડી તેમજ આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં રક્તદાતાઓએ ભાગ લીધો અને કુલ ૧૦૪ યુનિટ બ્લડનું કલેક્શન કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન



સ્વ. દુધીબેન અંબારામભાઈ કાલાવડીયાના સ્મરણાર્થે તેમના પુત્ર રમેશભાઈ કાલાવડીયા દ્વારા દરેક રક્તદાતા માટે પ્રોત્સાહન રૂપે ઘડિયાળ વિતરણ કરાયું હતું.

આ કેમ્પને સફળ બનાવવા જીલ્લા પંચાયત આરોગ્ય શાખાના જીલ્લા ઈઊઈ ઓફિસર સંઘાણીભાઈ, લેબ ટેક્નિશિયન સેતાભાઈ, તાલુકા હેલ્થ ઓફિસર ડો. દિનેશ બાવરવા, તાલુકા હેલ્થ સુપરવાઈઝર હિતેશભાઈ પટેલ, મેડિકલ ઓફિસર ડો. સૃષ્ટિ ભોરણીયા, લેબ ટેક્નિશિયન કિરણબેન, ફાર્માસિસ્ટ જાનીભાઈ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સાવડીના આરોગ્ય સ્ટાફે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

## હળવદ અને વાંકાનેર નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી સંપન્ન





હળવદ નગરપાલિકાની ૨૮માંથી ૨૭ બેઠકો પર ભાજપના ઉમેદવારોએ જીત મેળવી છે, જેના આધારે ફોરમબેન રાવલને પ્રમુખ, સતીશભાઈ પટેલને ઉપપ્રમુખ અને મહેશભાઈ કણઝરિયાને કારોબારી ચેરમેન તરીકે નિમવામાં આવ્યા છે. વાંકાનેર નગરપાલિકાની ૨૮માંથી ૨૧ બેઠકો પર ભાજપના ઉમેદવારો વિજેતા બન્યા છે, ત્યારે વાંકાનેરમાં ડિમ્પલ સોલંકી પ્રમુખ અને હર્ષિત સોમાણી ઉપપ્રમુખ તરીકે નિમાવામાં આવ્યા છે. હળવદ અને વાંકાનેર નગરપાલિકાના સંચાલન માટે પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી સંપન્ન થઈ છે. હળવદ નગરપાલિકાની કુલ ૨૮માંથી ૨૭ બેઠકો પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોના વિજયને કારણે પાર્ટીનો મજબૂત દબદબો જોવા મળ્યો હતો. આ જીત બાદ પ્રમુખ પદે ફોરમબેન વિશાલભાઈ રાવલ, ઉપપ્રમુખ પદે સતીશભાઈ દારજીભાઈ પટેલ અને કારોબારી ચેરમેન પદે મહેશભાઈ બાવલભાઈ કણઝરિયાની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. બીજી તરફ, વાંકાનેર નગરપાલિકાની ૨૮માંથી ૨૧ બેઠકો પર ભાજપના ઉમેદવારોની જીત થઈ હતી, જ્યારે ૫ બેઠકો પર કોંગ્રેસ, ૧ બેઠક પર બસપા અને ૧ બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર વિજેતા બન્યા હતા. ત્યારે પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટેની ચૂંટણીમાં ડિમ્પલ સોલંકીને પ્રમુખ અને હર્ષિત સોમાણીને ઉપપ્રમુખ તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

## ભાયાવદર નગરપાલિકામાં મહિલા પ્રમુખપદ પાટીદાર અને ઉપપ્રમુખપદ અન્ય સમાજના ફાળે







ભાયાવદર નગરપાલિકાની ચૂંટણીમાં બંને પક્ષ દ્વારા રસાકસીનો માહોલ જામ્યો હતો ત્યારબાદ મતદાન થતા ચૂંટણીનું રિઝલ્ટ આવતા જ ભાજપના ૧૫ સભ્યો જીત બાદ કોંગ્રેસ પક્ષના ૯ સભ્યો જીત્યા હતાત્યારબાદ પ્રમુખ ઉપપ્રમુખ કોણ બનશે તેની આતુરતાથી રાહ જોવાઈ રહી હતી ત્યારે ભાયાવદરમાં નગરપાલિકાના સભાખંડમાં ચાર કલાક પ્રમુખ ઉપપ્રમુખ પસંદગી માટે ચૂંટણી યોજાઈ હતી જેના પ્રમુખ પદે રેખાબેન સીણોજીયા ઉપ–પ્રમુખ પદે સંજયભાઈ પરમાર ની અઢી વર્ષ માટે વરણી કરવામાં આવી હતી અને ભાજપમાં ચાર ટર્મથી વિજેતા બની આવતા ઈલાબેન રામાણીનું નામ ના આવતા તેને અનાદાર કરીને પ્રમુખ પદે ફોર્મ રજૂ કરતા કોંગ્રેસના નવ સભ્યો એ તેને ટેકો આપ્યો હતો ત્યારે તેમને ૧૦ મત મળ્યા હતા અને રેખાબેનને ૧૪ મત મળતા રેખાબેન સીણોજીયા ની ચૂંટણી અધિકારી દ્વારા પ્રમુખ જાહેર કર્યા હતા

## ચોટીલા પોલીસ રીઢા ગુનેગારને છાવરતી હોવાનો આક્ષેપ



ચોટીલામાં અનેક ગુનામાં સંડોવાયેલા અવેશ ગની નામના રીઢા ગુનેગાર સાથે પોલીસને અંગત ઘરોબો હોય છાવરતી હોવા સહિતના આક્ષેપો સાથે સ્થાનિક લોકોએ પોલીસ મથકે હલ્લાબોલ કર્યું હતું અને જવાબદાર અધિકારીઓ સમક્ષ આ મામલે તટસ્થ તપાસ કરવા માગણી કરવામાં આવી હતી. આ બનાવ અંગેની વિગત એવી છે કે, ચોટીલાના ઘાંચીવાડમાં રહેતા અને અનેક ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકેલા ગુનેગાર અવેશ ઉર્ફે અવલોકન ગની નામનો શખસ એક ગુનામાં પોલીસમાં રજૂ થયા બાદ તાકીદે જામીન મુક્ત કરવામાં આવ્યો હતો અને આ બનાવના પગલે કેટલીક મહિલાઓ પેટ્રોલ ભરેલ બોટલ સાથે આત્મ વિલોપનની ચીમકી ઉચ્ચારતા પોલીસ બેડામાં દોડધામ મચી ગઈ હતી. અવેશ ઉર્ફે અવલોકન ગની નામનો શખસ ટોળકી સાથે આતંક મચાવી ધમકાવતો હોય ફરિયાદ કરવાં છતાં પોલીસે ગુનો નોંધતી ન હોય સ્થાનિક રહેવાસીઓ પોલીસ મથકે દોડી ગયા હતા અને પોલીસને સમગ્ર ઘટના અંગેનો વીડિયો બતાવવામાં આવ્યો હતો. આ મામલે સ્થાનિક મહેબુબભાઈ નામના વ્યક્તિએ આક્ષેપ કર્યો હતો કે પોલીસ સાથે સાંઠગાઠ ધરાવતો હોય અવેશ ગનીને પોલીસ છાવરી રહી છે. તેમજ અવેશ ગની સાથે કેટલાક પોલીસ કર્મચારીઓ ઘરોબો ધરાવતા હોય નામ જોગ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ અંગે પોલીસ સમક્ષ સ્થાનિક લોકોએ રોષ વ્યક્ત કર્યો હતો.

## મોરબી નેશનલ હાઈવે પર માટીનો ઢગલો ઠાલવી જનાર ટ્રક ચાલકને પોલીસે કાયદાનું ભાન કરાવાયું

### સોશિયલ મીડિયામાં વાયરલ વીડિયોના આધારે તાત્કાલિક કાર્યવાહી, આરોપી ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર,મોરબી**



મોરબી નેશનલ હાઈવે પર લાલપર નજીક એક ટ્રક ચાલકે માટીનો ઢગલો ઠાલવી જતા રોડ ઉપર અવરોધ ઉભું કરાયું હતું. ત્યારે આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ મોરબી ટ્રાફિક પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી, ટ્રક રજી.નંબરના આધારે આરોપી ટ્રક ચાલકની ઓળખ કરી તેને ઝડપી લેવામાં આવ્યો હતો અને આરોપી સામે મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. મોરબી જીલ્લાના પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ ટ્રાફિક નિયમન અને કાયદેસરની કાર્યવાહી માટે સઘન પગલાં લેવામાં આવી રહ્યા છે, જે અનુસંધાને મોરબી ટ્રાફિક શાખા દ્વારા વાહન ચાલકો દ્વારા થતા ગેરકાયદે કૃત્યો સામે પગલા ભરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં મોરબી–વાંકાનેર નેશનલ હાઈવે લાલપર સોલો સિરામિક સામે હાઈવે રોડ ઉપર એક ટ્રક ચાલકે માટીનો ઢગલો ઠાલવી દીધો હતો, જેના કારણે વાહન વ્યવહાર માટે અવરોધ સર્જાયો હતો. આ અંગે ટ્રાફિક શાખાના પીઆઈ એચ.વી. ધેલાના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. જે.ડી. મીયાત્રા અને તેમની ટીમે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. ત્યારે ય–ત્રીષઈજ્ઞા દ્વારા ટ્રક નંબર જીજે–૧૩–એએકસ–૪૫૯૩ની વિગતો મેળવવામાં આવી હતી, અને ટ્રક ચાલક આરોપી હમીરભાઈ સુખાભાઈ મકવાણા ઉવ.૩૧ રહે.મોળથળા તા.થાનગઢ જી. સુરેન્દ્રનગર વાળાની ઓળખ કરવામાં આવી હતી. જે બાદ ઉપરોક્ત આરોપીની અટક કરી ટ્રાફિક પોલીસે પુછપરછ કરતાં તેણે ગુનાની કબુલાત આપતા, મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં આરોપી ટ્રક ચાલક સામે ગુનો નોંધી, કાયદાનું ભાન કરાવવામાં આવ્યું હતું.

# સરકાર આદિજાતિ વિદ્યાર્થી માટે મેનેજમેન્ટ કોટામાં મળતી શિષ્યવૃત્તિને પુનઃ બહાલ કરેઃ CYSS



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**
આદિજાતિના વિધ્યાર્થીઓને મેનેજમેન્ટ ક્વોટામાં મળતી શિષ્યવૃત્તિ ફરીથી શરુ કરવાની માંગ AAP વિદ્યાર્થી પાંખ CYSS દ્વારા રાજકોટ કલેક્ટર કચેરી ખાતે આવેદન આપી શિક્ષણમંત્રી પાસે કરવામાં આવી.

આજથી થોડા દિવસો પહેલા કેન્દ્ર સરકાર દ્વારા પરિપત્ર કરવામાં આવેલ કે જે ઉમેદવાર મેનેજમેન્ટ ક્વોટા માં પ્રવેશ મેળવશે તેને શિષ્યવૃત્તિ મળવા પાત્ર રહેશે નહીં.

આ જ સંદર્ભે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ૨૮ ઓક્ટોબર ૨૦૨૪ નો વધારે ઉમેરા સાથે પરિપત્ર કરેલ કે : જે વિદ્યાર્થી vacant ક્વોટા માં પ્રવેશ મેળવે છે તે આપોઆપ મેનેજમેન્ટ ક્વોટા માં પરિવર્તિત થઈ જશે. રાજ્ય સરકાર દ્વારા આ પરિપત્ર ૨૮/૧૦ ના રોજ કર્યો ત્યારે પ્રવેશ ની પ્રક્રિયા પૂરી થઈ ગયેલ હતી.

પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના માં મેનેજમેન્ટ કોટા માંથી શિષ્યવૃત્તિ બંધ કરી ખૂબ અન્યાય કરી રહી છે. આ મનસ્વી ફરમાન ને કારણે આદિજાતિ સમાજ ના ૫૦૦૦૦ કરતા પણ વધુ બાળકો શિષ્યવૃત્તિ થી વંચિત રહી શકે છે. આ પરિપત્રની અગાઉ જ જે સંસ્થાઓ એ vacant ક્વોટા માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપી ચૂક્યા છે (ડિપ્લોમા, ડીગ્રી, ફાર્મસી, નર્સિંગ...) આ બધા વિદ્યાર્થીઓ જેને vacant ક્વોટા માં પ્રવેશ મળ્યો છે એ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મળવા પાત્ર રહશે નહીં તેવો રાજ્ય સરકારનો પરિપત્ર થયો છે.

જેને કારણે અનુસૂચિત જનજાતિ ની ગુજરાત માં અલગ અલગ કચેરીઓ દ્વારા vacant ક્વોટા માં પ્રવેશ પણ આપી દીધી છે અને પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને ફીશિપ કાર્ડ પણ કાઢી આપવામાં આવ્યા છે, તો હવે આ વિદ્યાર્થીઓને જો ફીશિપ કાર્ડ કાઢી આપવામાં આવ્યા હોય તો તે શિષ્યવૃત્તિ થી વંચિત કઈ રીતે રહી શકે ? એટલે રાજ્ય સરકાર નો આ જે અણઘડ નિર્ણય છે તે તાત્કાલીક પાછો ખેંચવો જોઈએ.

# ભાજપના મહિલા કોર્પોરેટર અનિતાબેન ગોસ્વામીને પગમાં ગોળી વાગતા ઈજા

**મુખ્ય સમાચાર,રાજકોટ**
રાજકોટમાં રિવોલ્વર નીચે પડતા અચાનક ભડાકો થયો અને ભાજપના મહિલા કોર્પોરેટરને પગમાં ગોળી વાગતા ઈજા થઈ હતી. રાજકોટ વોર્ડ નંબર ૧૭ના કોર્પોરેટર અનિતાબેન ગોસ્વામીએ ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. બંદૂક લોક હોવા છતાં ફાયરિંગ કેમ થયું? તે જાણવા રિવોલ્વરનું એફએસએલ પરિક્ષણ થશે. ભક્તિનગર પોલીસે આ અંગે નોંધ લઈ નિવેદનો લેવાની પ્રક્રિયા કરી હતી.

સમગ્ર બનાવ અંગે જાણવા મળેલ છે કે, રાજકોટ મનપાના વોર્ડ નં.૧૭ના ભાજપ કોર્પોરેટર અનિતાબેન ગૌતમગીરી ગોસ્વામી ગત તા. ૩ના રોજ પોતાના નારાયણનગર સ્થિત ઘરે હતા. તેઓને લગ્ન પ્રસંગે જવાનું હોવાથી કબાટની તિજોરીમાં રાખેલા ઘરેણાં કાઢી રહ્યા હતા, ત્યાં તિજોરીમાં તેમના પતિ ગૌતમભાઈની



લાયસન્સવાળી રિવોલ્વર પણ પડી હતી.

દાગીના કાઢતી વેળાએ અચાનક આ રિવોલ્વર તિજોરીમાંથી નીચે જમીન પર પડી હતી. બંદૂક પડતાની સાથે જ ભડાકો થયો હતો. ફાયરિંગ થતા રિવોલ્વરમાંથી છૂટેલી ગોળી અનિતાબેનના પગમાં વાગી ગઈ હતી. ભડાકાનો અવાજ સાંભળી ઘરના સભ્યો દોડી આવ્યા હતા. તત્કાલ અનિતાબેનને ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. બનાવની જાણ થતા ભક્તિનગર પોલીસે નિવેદન નોંધવા કામગીરી કરી હતી. બનાવની નોંધ કરી સ્થળ પરથી છૂટેલી ગોળી અને રિવોલ્વર એફએસએલ પરિક્ષણ માટે મોકલી હતી.

ગૌતમભાઈના જણાવ્યા મુજબ, રિવોલ્વર નીચે પડતાં લાદીમાં ટોચો પડી ગયો છે. બંદૂક લોકો હતી પણ કદાચ જમીન પર પછડાતા પ્રેશર આવતા ફાયરિંગ થયું હોય શકે. ઉલ્લેખનિય છે કે, અનિતાબેન બે ટર્મથી કોર્પોરેટર છે. અનિતાબેનને આ અગાઉ અકસ્માત પણ નડયો હતો. અઢી વર્ષ પહેલાં તેની મુંબઈમાં ન્યુરો સર્જરી પણ થઈ હતી. આમ આ ત્રીજી ઘટનાથી પરિવારજનો ચિંતામાં મુકાઈ ગયો હતો.

# હજારો માલધારીઓની દ્વારકા પદયાત્રા શરૂ ધુળેટીના દિવસે કાળીયા ઠાકોરના કરશે દર્શન



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**
આગામી તા.૧૩ના સાંજે પુનમ, હોલિકાદહન અને તા.૧૪ના રંગોનો ઉત્સવ ધુળેટી પર્વ ઉજવવા સૌરાષ્ટ્રમાં તૈયારીઓ શરૂ થઈ છે ત્યારે પરંપરાગત રીતે રાજકોટ,સૌરાષ્ટ્ર તથા અમદાવાદ સહિત ગુજરાતભરમાંથી હજારો માલધારીઓના સંઘોએ દ્વારકાની ધર્મમય પદયાત્રાનો પ્રારંભ કર્યો છે. માત્ર રાજકોટ શહેરમાં જ આશરે ૫૦૦૦ અને ૭૦૦૦ માલધારીઓ સાથેના બે સંઘોએ પગપાળા પ્રસ્થાન કર્યું હતું અને આવતીકાલે વધુ સંઘો રવાના થશે. શહેરમાંથી જ ત્રીસથી ચાલીસ હજાર માલધારીઓ દ્વારકાધીશના દર્શને ચાલીને જાય છે, ઉપરાંત સુરેન્દ્રનગર, ચોટીલા, બોટાદ, અમદાવાદ સહિત રાજ્યભરમાંથી સંઘો પ્રસ્થાન કરી રહ્યા છે તેમ રાજકોટના માલધારી આગેવાનએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે આ સંઘો રાત્રિના ૩થી બીજા દિવસે સવારે ૧૧ વાગ્યા સુધી ચાલતા હોય છે અને રાજકોટથી આશરે ૮ દિવસે દ્વારકા પહોંચતા હોય છે. સંઘોની સાથે ભાગવત કથા સહિતના આયોજનો પણ થતા હોય છે.

# રાજકોટ યાર્ડમાં મધમીઠા તરબૂચની ધૂમ આવક



(તસ્વીરઃ આનંદ જાવિયા)


રાજકોટના જુના માર્કેટ યાર્ડ ખાતે છેલ્લા બે દિવસથી ઉનાળાના અમૃત ગણાતા તરબૂચની ધુમ આવક થવા પામી રહી છે રાજકોટના જૂના માર્કેટ યાર્ડ તરબૂચ થી ઉભરાયું હતું તરબૂચની ધૂમા આવક થતા તેના ભાવ હાલ કિલોના ૧૫ થી ૨૦ રૂપિયા બોલાઈ રહ્યા છે જેમ જેમ ઉનાળાની ગરમી વધશે તેમ તેમ હજુ પણ તરબૂચ ની આવક વધશે. તરબૂચ ખાવાથી ભૂખ ઝડપથી ઓછી થાય છે, જેનાથી વજન ઓછું થાય છે. જો તમે પણ વજન ઓછું કરવા માગો છો તો રોજ તરબૂચનું સેવન કરો. રોગપ્રતિકારક શક્તિ વધારો તરબૂચમાં હાજર વિટામિન સી, વિટામિન એ અને ફાઈબર રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદરૂપ છે. તરબૂચનું સેવન ઈન્ફેક્શનથી બચાવે છે અને પાચન પ્રક્રિયાને સ્વસ્થ રાખે છે.

# હેમુગઢવી હોલ ખાતે મહારાણા પ્રતાપ સ્મૃતિ સંસ્થાન દ્વારા ૨૧માં સ્કીલ એવોર્ડ સેરેમની ૨૦૨૫નું આયોજન

**મુખ્ય સમાચાર,રાજકોટ**
મહારાણા પ્રતાપ સ્મૃતિ સંસ્થાન, રાજકોટ પ્રેરિત ૩૦ શ્રી કૃષ્ણ વૈશ્વિક ક્ષત્રિય પરિવાર - દ્વારા આયોજીત રાજ્ય કક્ષાનો *૨૧મો સ્કીલ એવોર્ડ સેરેમની- ૨૦૨૫ કાર્યક્રમ તા. ૦૯ માર્ચ, ને રવિવારના રોજ બપોરે ૨:૩૦ થી ૬:૦૦ કલાકે હેમુ ગઢવી નાટયગૃહ, રાજકોટ ખાતે સામાજીક, રાજકિય અને અધિકારીઓની વિશેષ ઉપસ્થિતિમાં દબદબાભેર યોજાશે જેમાં ક્ષત્રિય સમાજના ભાઈઓ - બહેનોને સહપરિવાર વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેવા મહારાણા પ્રતાપ સ્મૃતિ સંસ્થાનના પ્રમુખ ડો. યોગરાજસિંહ ગંભીરસિંહજી જાડેજા (જાબીડા) દ્વારા ભાવભર્યું ઈ-નિમંત્રણ પાઠવવામાં આવે છે.

આ કાર્યક્રમના મુખ્ય અતિથિ વિશેષ તરીકે ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રીશ્રી શંકરસિંહજી વાઘેલા બાપુ, પૂર્વ મંત્રી, ધારાસભ્ય જયદ્રથસિંહજી પરમાર, પૂર્વ મંત્રી અને ક્ષત્રિય સમાજનું ઘરેણું ધર્મેન્દ્રસિંહજી (હકુભા) જાડેજા, ધારાસભ્ય વિરેન્દ્રસિંહજી જાડેજા, ગુજરાત પ્રદેશ ભાજપના પૂર્વ મહામંત્રી પ્રદિપસિંહજી વાઘેલા અને અનિરૂધ્ધસિંહજી જાડેજા (પ્રમોટર એન્ડ એમ.ડી. ઓફ GTPL HATHWAY LTD) સહિતના વિશેષ મહાનુભાવો ની વિશેષ ઉપસ્થિતિમાં ભવ્યથી ભવ્ય રીતે આન-બાન અને શાન સાથે સ્કીલ એવોર્ડ સેરેમની-૨૦૨૫ કાર્યક્રમ યોજાશે.

આ સ્કીલ એવોર્ડ સેરેમની - ૨૦૨૫ કાર્યક્રમમાં એજ્યુકેશન ફીલ્ડ સિવાયના તમામ ક્ષેત્રો જેવા કે, રાષ્ટ્રપતિ ચંદ્રક વિજેતા, DGP's Commendation Disc (ગુજરાત પોલીસ વિભાગ માટે). સ્પોર્ટસમાં નેશનલ લેવલે તેમજ




ઈન્ટરનેશનલ લેવલે રમેલા ખેલાડીઓ, એન.સી.સી. સી સર્ટિફીકેટમાં (એ ગ્રેડ તેમજ બી ગ્રેડ-૨૦૨૪) તેમજ ૨૬, જાન્યુઆરીની દિલ્હી ખાતેની પરેડમાં ભાગ લીધેલ કેડેટ, બ્રેવરી એવોર્ડ, શ્રેષ્ઠ વ્યાપાર ક્ષેત્રે તેમજ ઔદ્યોગિક ક્ષેત્રે તેમજ પ્રાઈવેટ અને સરકારી નોકરી દરમિયાન નેશનલ લેવલ તેમજ ઈન્ટરનેશનલ લેવલે કરેલ પ્રદર્શન, ગુજરાત ખેલ મહાકુંભમાં રાજ્યકક્ષાએ આવેલ પ્રથમ, દ્વિતીય અને તૃતિય તથા આ સિવાયના અન્ય ફિલ્ડમાં જેમ કે, લોકકલા, શિલ્પકલા, ચિત્રકલા, સંગીતકલા, ઈતિહાસ, સાંસ્કૃતિક વિગેરે ક્ષેત્રે કરેલ શ્રેષ્ઠ પ્રદર્શન માટે આપણા ક્ષત્રિય સમાજનાં ભાઈઓ અને બહેનોને સન્માનીત કરવામાં આવશે. સાથે સાથે ક્ષત્રિય સમાજના સરકારી કોલેજના સર્વ પ્રિન્સીપાલશ્રીઓ અને NCC ઓફિસરશ્રીઓનું પણ સન્માન આ કાર્યક્રમમાં કરવામાં આવનાર છે.

આ સ્કીલ એવોર્ડ સેરેમની- ૨૦૨૫ કાર્યક્રમમાં સર્વે ક્ષત્રિય સમાજને પરિવાર સહિત પધારવા ભાવપૂર્વક ઈ-નિમંત્રણ પાઠવવામાં આવે છે. સાથે ખાસ નોંધ એ પણ આપવામાં આવે છે કે આ કાર્યક્રમમાં એકપણ નિમંત્રણ કાર્ડ પ્રિન્ટ નથી કરવામાં આવ્યા એટલે કે ડીજીટલ ઈ-નિમંત્રણથી જ સર્વેને આમંત્રણ આપવામાં આવે છે.

આપ તથા આપના પરિવારની સહઉપસ્થિતિથી સમાજના સન્માનથી ભાઈઓ-બહેનોને પ્રોત્સાહન અને સંસ્થાનની કાર્યકર્તા ટીમને પ્રેરકબળ મળી રહે એવી આશા છે. આ કાર્યક્રમને સફળ બનાવવા ડો. યોગરાજસિંહ જી. જાડેજા (જાબીડા), ડો. દિગ્વીજયસિંહ બી. જાડેજા (મંજલ), પી. એમ. જાડેજા (સમાધોધા), ડો. જીગરસિંહ બી. જાડેજા (બાવરીયા), ધર્મવીરસિંહ આર. જાડેજા (જીલરીયા), રાજેન્દ્રસિંહ જે. ઝાલા (રતનપર), કુલદિપસિંહ એન. રાઠોડ (ઈડર), ધર્મરાજસિંહ જે. વાઘેલા (છબાસર), એમ. પી. રાણા (કળમ), ભરતસિંહ આર. રાણા (અડવાળ), હરપાલસિંહ કે. જાડેજા (માણેકવાડા), બકુલસિંહ જી. જાડેજા (મોટીવાવડી), શક્તિસિંહ જી. વાઘેલા (ભાડેર), રાજેન્દ્રસિંહ આર. જાડેજા (પીપરડી), સત્યપાલસિંહ પી. જાડેજા (મોટી વાવડી) અને સિધ્ધરાજસિંહ કે. જાડેજા (ડેરી) સાથે MPSS ના સર્વે કારોબારીઓ, કાર્યકર્તાઓ અને સર્વે સાથી સ્નેહીઓ સહિત સર્વસાથી મિત્રોએ જહેમત ઉઠાવી છે.

# સિવિલ હોસ્પીટલમાં તબીબી અધિક્ષકનું ચેકીંગઃ તબીબ અને નસીંગ સ્ટાફ ગેરહાજર

■ ઓચિંતા ચેકીંગથી સ્ટાફમાં ગભરાટઃ સ્ટાફને શિસ્તમાં રહેવા તાકીદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**
સૌરાષ્ટ્ર-કચ્છની સૌથી મોટી ગણાતી રાજકોટની પીડીયું હોસ્પિટલમાં મોડી રાતે તબીબી અધિક્ષક ડો. મોનાલી માંકડિયાએ મોડી રાતે સરપ્રાઈઝ ચેકિંગ કર્યું હતું.ચેકિંગમાં રાત્રી ફરજ ઉપરના કેટલાક રેસીડન્ટ તબીબો અને નર્સિંગ તેમજ વર્ગ-૪ ના કેટલાક સ્ટાફ ગેરહાજર મળ્યા હતા. તબીબી અધિક્ષક ડો.મોનાલી માંકડિયાએ ગેરહાજરી સ્ટાફને શિસ્તમાં રહેવા કડક સુચના આપી હતી. તેમજ દર્દીઓને સરખી



સારવાર મળે અને સાથે તકલીફ ન થાય તેની ખાસ તકેદારી રાખવા માટે અધિક્ષકે સુચનાઓ આપી હતી.

આરોગ્ય સચિવની સીવિલ હોસ્પિટલની મુલાકાત બાદ આપેલી સૂચના બાદ દર્દીઓની યોગ્ય સારવાર થાય છે કે કેમ તેમજ દર્દીઓને વિશેષ સુવિધા મળે છે કે નહી ? તે જાણવા માટે તબીબી અધિક્ષક ડો. મોનાલી માંકડિયા અચાનક પીડીયું હોસ્પિટલમાં સરપ્રાઈઝ ચેકિંગ કરતા સ્ટાફમાં ભાગંભાગ થઈ ગઈ હતી. સિવિલ હોસ્પિટલમાં ઓપીડી બિલ્ડિંગ, ટ્રોમા સેન્ટર, ઈમરજન્સી સહિતના વોર્ડ સહિતના તમામ વિભાગોમાં ગાયનેક વિભાગમાં સરપ્રાઈઝ ચેકિંગ કરતા સ્ટાફમાં ભાગંભાગ થઈ ગઈ હતી.

તબીબી અધિક્ષકના સિવિલ હોસ્પિટલમાં સરપ્રાઈઝ ચેકિંગમાં રાત્રીના ફરજ ઉપર કેટલાક રેસીડન્ટ તબીબો અને નર્સિંગ સ્ટાફ તેમજ પટ્ટાવાળા સહિતના વર્ગ-૪ ના કેટલાક કર્મચારીઓ ગેરહાજર મળ્યા હતા જેને લઈ તબીબી અધિક્ષક ડો.મોનાલી માંકડિયાએ તે તમામ સ્ટાફને કડક સુચના આપી શિસ્તમાં રહી નિયમનું પાલન કરવા સુચના આપી હતી.

# વિંછીયા પોલીસ મથકના પીઆઈની હાજરીમાં શખ્સે નાયબ CSને ગાળો ભાંડી ફડાકા ઝીંક્યા

■ સમજાવવા જતા રૂપાવટીના શખ્સે મારામારી કરી, ફરજમાં રૂકાવટનો ગુનો

**મુખ્ય સમાચાર,રાજકોટ**
રાજકોટ જિલ્લાના વિંછીયા પોલીસ મથકના પીઆઈની હાજરીમાં નાયબ ઈજનેરને રૂપાવટીના શખ્સે ગાળો ભાંડી ફડાકા ઝીંકી દેતા ચકચાર મચી જવા પામી છે રૂપાવટીના શખ્સે ઘરના વિજ કનેકશનમાંથી કન્ટ્રક્સન વપરાશ માટે લાઈટનો ઉપયોગ કરતાં હેતુફર માટે બિલ ફટકારતાં સમજાવવા જતા થયેલી ધમાલ અંગે પોલીસે ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

આ અંગેની વિગત મુજબ વિંછીયામાં સત્યજીત સોસાયટીમાં રહેતાં અને છેલ્લા ૫ મહીનાથી વછીયા જી.ઈ.બી.માં નાયબ ઈજનેર તરીકે નોકરી કરતા ગૌરવભાઈ અશ્વીનભાઈ બોડા ઉ.૩૦એ રૂપાવટીના રૂપાવટીન હિતેષ લવજી ગાબુ સામે વિંછીયા પોલીસ મથકમાં ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, ગત સાંજે વિંછીયા પોલીસ સ્ટેશન પરથી બીટ જમાદારનો ફોન આવેલ કે, અરજદાર હીતેશ લવજી ગાબુ આપના જી.ઈ.બી. ઓફીસ વિરુધ્ધની અરજી આપેલ હોવાનું જણાવ્યું હતું. જેથી તે ફરજના ભાગરૂપે પોલીસ સ્ટેશને ગયેલ ત્યાં અરજદાર હીતેશ ગાબુ હાજર હતો બાદમાં ફરિયાદી અને હિતેષ ગાબુને પીઆઈની ઓફીસમાં બોલાવેલ અને પીઆઈની હાજરીમાં અરજદારને સમજાવેલ કે, આપને જે નોટીસ આપવામાં આવેલ છે, તે પી.જી.વી.સી.એલ. નીયમ મુજબ યોગ્ય છે ચેકીગ શીટ કલમ-૧૨૬ મુજબની છે નીયમ મુજબ બ પચાસ ટકા રકમ ભરીને ઈલેક્ટ્રીકલ ઈન્સપેકટરમાં ચેકીંગ બાબતે આપની રજુઆત કરી શકો છો દરમિયાન હિતેષ ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો દેવા લાગેલ અને મને જાનથી મારી નાખવાની ધમકી આપી કોલર પકડી ઝપાઝપી કરી એક ફડાકો ઝીંકી દિધો હતો દરમિયાન ત્યા હાજર સ્ટાફે ફરિયાદીને છોડાવેલ હતાં રૂપાવટીના શખ્સે ઘરના વિજ કનેકશનમાંથી બાજુમાં કન્ટ્રકસન વપરાશ માટે લાઈટનો ઉપયોગ કરતાં આ મામલે હેતુફર માટે બિલ ફટકારતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો બનાવ અંગેની ફરીયાદ પરથી વિંછીયા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

# મોઢ વણિક મહાજન આયોજિત સમૂહ રાંદલ લોટા - નાત જમણનો મહાઉત્સવ રંગેચંગે સંપન્ન

**મુખ્ય સમાચાર,રાજકોટ**
સંત અને સુરાની પાવનભૂમિ સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટમાં વધુ એકવાર અલૌકીક ધર્મોત્સવ યોજાયો. જેનું યજમાન બન્યું શ્રી મોઢવણિક મહાજન રાજકોટ. મોઢ વણિક મહાજન સંચાલિત યૂવીએમસી પાર્ટી લોન્સ ના લોકાર્પણ પ્રસંગને એક વર્ષ પૂર્ણ થવાના અવસરે તા. ૨ માર્ચને રવિવારના રોજ શ્રી મોઢવણિક મહાજન દ્વારા ૫૪ જોડી અર્થાત ૧૦૮ રાંદલ માતાજી ના લોટા ઉત્સવ ના અલૌકીક ધર્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું . આ પ્રસંગે જ્ઞાતિ ભોજન પણ યોજાયુ.

રવિવારે યૂવીએમસી પાર્ટી લોન્સ ખાતે યોજાયેલ આ ધર્મોત્સવ અંગે વધુ માહિતી આપતા મોઢવણિક મહાજનના યુવા પ્રમુખ ભાગ્યેશભાઈ વોરા, મેનેજીંગ ટ્રસ્ટી કીરેનભાઈ છાપીયા એ જણાવ્યું હતુંકે, ૧૦૮ રાંદલ માતાજીના લોટા ઉત્સવમાં ૫૪ મનોરથી માતાજીની ભક્તિભીની આરાધના કરી હતી. સવારે ૯ કલાકે પૂજનવિધિ સાથે દિવ્ય અવસરનો આરંભ થયો. સવારે ૧૦:૩૦ કલાકે મનોરથી દ્વારા ગોરણી નું પૂજન કરવામાં આવ્યું. સવારે ૧૧:૦૦ કલાકે ૮૦૦ ગોરણીઓ ના મહાપ્રસાદ બાદ સવારે ૧૧:૩૦ થી બપોરે ૨:૦૦ કલાક સુધી મોઢવણિક જ્ઞાતિજનો માટે મહાપ્રસાદ યોજાયો જેમાં ૨૦૦૦ થી વધારે જ્ઞાતિજનો એ મહાપ્રસાદ નો લીધો હતો તેમજ સાંજે ૭;૦૦ કલાકે ૫૪ યજમાન પરીવાર દ્વારા આરતી અને રાસ ગરબા દ્વારા માતાજી ની ભક્તિ માં લીન થયા અને તા.૦૩ ને સોમવાર સવારે ૭;૦૦ કલાકે આરતી બાદ વિસર્જન કરવામાં આવેલ ત્યારે ઉપસ્થિત સૌ યજમાન પરીવાર ભાવુક થઈ માતાજી ને વહેલા વહેલા ફરી અમારે આંગણે પધારો તેવી પ્રાર્થના અને ભક્તિ કરેલ. તમામ ગોરણીઓને મહાજન દ્વારા ભેટ આપવામાં આવેલ.

આ અલૌકીક ધર્મોત્સવમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, રાજકોટ જીલ્લા ભાજપ ઉપાધ્યક્ષ રાજુભાઈ ધારૈયા, ભાજપ અગ્રણી કશ્યપભાઈ શુક્લ, વોઈસ ઓફ ધ ડે ના એમ. ડી. કૃણાલભાઈ મણિયાર,, પંચનાથ મહાદેવ સાર્વજનિક ટ્રસ્ટના પ્રમુખ દેવાંગભાઈ માંકડ, પંચનાથ મહાદેવ સાર્વજનિક ટ્રસ્ટના ઉપપ્રમુખ વસંતભાઈ જસાણી અને પંચનાથ મહાદેવ સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટી નીતિનભાઈ મણિયાર અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહી ધર્મોત્સવને દિપાવ્યો હતો.

અખબારી આલમ સાથે જોડાયેલા મોઢવણિક સમાજના હિરેનભાઈ પારેખ(અબતક), રાજેશભાઈ મહેતા(ખબર ગુજરાત), સુકેતુભાઈ વજરીયા(સમકાલીન ન્યૂઝ), નિહિરભાઈ પટેલ(દિવ્ય ભાસ્કર), દર્શિતભાઈ ગાંગડિયા(ખાસ ખબર), હિમાંશુભાઈ કલ્યાણી(ખાસ ખબર), કુલીનભાઈ પારેખ(દિવ્ય ભાસ્કર ડિજિટલ), તુષારભાઈ પરીખ(દિવ્ય સમર્થન ન્યૂઝ) અને શુભમભાઈ અંબાણી(કોલમિસ્ટ દિવ્ય ભાસ્કર) ની પ્રેરણાદાયી ઉપસ્થિતિ રહ્યા.

આ ધર્મોત્સવ માં મહાપ્રસાદના મનોરથી તરીકે તરલાબેન આર. મહેતા, બિંદુબેન એચ. મોદી, જ્યોતિબેન પી. વોરા, મધુબેન જે. છાપીયા, રમાબેન જે. પારેખ, છાયાબેન બી. મહેતા, મીરાબેન જે. મહેતા અને ડો. ક્રિનાબેન પી. ગાંગડિયા ને ભક્તિભીનો લ્હાવો પ્રાપ્ત થયો હતો. આ દિવ્ય ધર્મોત્સવ માં મોઢ વણિક આગેવાનો રમેશભાઈ જીવાણી, કિરીટભાઈ પટેલ, સુમનભાઈ ગાંધી,



મહેન્દ્રભાઈ મેહતા( વિકાસ પબ્લીસિટી),પ્રનંદભાઈ કલ્યાણી, ગીતાબેન અશ્વિનભાઈ પટેલ, ડો. અતુલભાઈ રાઠોડ, રાજુભાઈ મગનભાઈ દોષી, સુનિલભાઈ બખાઈ, કેતનભાઈ મેસ્વાણી, વિપુલભાઈ બખાઈ, શ્રીમતી ભાવનાબેન બખાઈ, જગદીશભાઈ ભાડલીયા, અતુલભાઈ વોરા, પ્રકાશભાઈ ઝેડ.ગાંગડિયા સહિતના અસંખ્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા જાણે મોઢ વણિક મહાકુંભ જેવા દ્રશ્યો સર્જાયા હતા.

મોઢવણિક જ્ઞાતિજનો માટે રાજકોટમાં પ્રથમવાર યોજાઈ ગયેલ ૧૦૮ રાંદલ માતાજી ના લોટા ઉત્સવ, મહા પ્રસાદ/ જ્ઞાતિ ભોજન ના આયોજન ને સફળ બનાવવા શ્રી મોઢ મહાજન ના પ્રમૂખ ભાગ્યેશભાઈ વોરા, મેનેજીંગ ટ્રસ્ટી કીરેનભાઈ છાપીયા, ઉપપ્રમુખ સુનિલભાઈ વોરા, મંત્રી અશ્વિનભાઈ વડોદરિયા, સહમંત્રી કેતનભાઈ પારેખ, ખજાનચી નીતિનભાઈ વોરા, ટ્રસ્ટી સંજયભાઈ મણિયાર, જગદીશભાઈ વડોદરિયા, ઈલેશભાઈ પારેખ અને ધર્મેશભાઈ વોરા તેમજ કમલેશ પારેખ, સંજય મહેતા, અતુલ પારેખ, યોગેશ પારેખ, ધીરુભાઈ મેહતા, કેતન વોરા, છાયા વજરીયા, ખુશી પારેખ, નીતા પારેખ, વિહાન વોરા, તેમજ ગ્ટખઈ પાર્ટીલોન્સ ના મેનેજર સુરેશ રાજપુરોહિત સહિતનાઓ એ જહેમત ઉઠાવી હતી .

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ગંજીવાડામાં પ્રેમપ્રકરણ બાબતે યુવાનની હત્યા કરનાર આરોપીઓને નિદોષ ઠરાવતી કોર્ટ

## ગંજીવાડા રામજી મંદિર પાસે સલિમ વણથરાની છરીના ૨૧ ઘા મારીને કરવામાં આવેલ ઘાતકી હત્યાના ગુન્હામાં ચાર આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરતી રાજકોટ સેશન્સ કોર્ટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગત તારીખ : ૨૪/૦૪/૨૦૨૩ના રોજ ફરિયાદી જાકીર જુસબભાઈ વણથરા બપોરે આશરે સાડા ચાર વાગ્યે ગંજીવાડા મેઈન રોડ પર જે.ડી.હોટલ પાસે ઊભો હતો ત્યારે આરોપી અવેશ ઉર્ફે અવલો અયુબભાઈ ઓડિયા અને અરબાઝ રફીકભાઈ રાઉમાં સ્કૂટર લઈ આવેલ ત્યારે અવેશ ઉર્ફે અવલાના હાથમાં તલવાર હતી અને અરબાઝ સ્કૂટર ચલાવતો હતો અને ફરિયાદીને જોઈ જતાં પાછા વળી ગયેલ ત્યારબાદ થોડીક્વારમાં ફરિયાદી પાસે ગયેલ અને આરોપી આબીદભાઈ ગનીભાઈ ઓડીયા ફરિયાદી જાકીર જુસબભાઈ વણથરા પાસે ચાલીને ગયેલ અને કહેવા લાગેલ કે, આજે તારા ભાઈ સલીમને અમે મારી નાખવાના છીએ અને તું અહીથી જતો રહે નહિતર તને પણ અમે મારી નાખીશું એવિ ધમકી આપતા ફરિયાદી ત્યાથી જતો રહેલ હતો. ત્યારબાદ સાંજના આશરે સાડા પાંચ વાગ્યે ફરિયાદી જાકીર જુસબભાઈ વણથરાને તેના મિત્ર સદામભાઈ હિંડોજાનો ફોન આવેલ અને કહેલ કે, તમારા મોટાભાઈ સલિમભાઈ અહી ગંજીવાડામાં મહાકાળી ચોકમાં આવેલ રામજી મંદિર પાસે શેરી નં.૩૬ માં લોહી-લુહાણ હાલતમાં બેભાન પડેલ છે એટલે તરતજ ફરિયાદી બનાવવાળી જ્ગ્યાએ પહોચેલ અને જોયેલું કે, ત્યાં માણસોના ટોળાં વળેલ હતા અને ફરિયાદીના મોટાભાઈ ગુજરનાર સલિમભાઈ લોહીલુહાણ હાલતમાં નીચે પડેલ હતા. જેથી બનાવ નજરે જોનાર સાહેદ ઈકબાલભાઈ ઉર્ફે ભૂરો અબ્દુલભાઈ મુડે એ ફરિયાદીને બનાવની હકીક્ત વિગતવાર જણાવેલ કે,સલિમભાઈ રામજી મંદિર પાસે પોતાનું સ્કૂટર લઈ ઊભા હતા ત્યારે પહેલા એક સ્કૂટર લઈ આરોપી આબિદભાઈ ગનીભાઈ ઓડિયા અને તેનો પુત્ર આરોપી અનીશ આબિદભાઈ ઓડિયા આવેલ અને ગુજરનાર સલિમભાઈને ઢીકા પાટુનો માર મારવા લાગેલ અને બન્ને આરોપીઓએ સલિમભાઈને જમીન પર પાડી દિધેલ હતા બાદ બીજું સ્કૂટર લઈ આરોપી આવેશ ઉર્ફે અવલો અને આરોપી અરબાઝ રાઉમાં આવેલ અને આરોપી આવેશ ઉર્ફે અવલાએ અને આરોપી અરબાઝ બન્નેએ પોતાના પેન્ટના નેફામાથી છરી કાઢી ફરિયાદીના મોટાભાઈને આડે-ધડ છરીના ઘા મારવા લાગેલ હતા જે ઘા ગુજરનારને છાતીના ભાગે, પેટના નીચેના ભાગે તથા પગના ભાગે આશરે ૨૧ જેટલા ઘા લાગેલ હતા ત્યારબાદ બધા આરોપી ૧) આવેશ ઉર્ફે અવલો અયુબભાઈ ઓડિયા, ૨) આબિદ ગનીભાઈ ઓડિયા, ૩) અનીશ આબિદભાઈ ઓડિયા, ૪) અરબાઝ રફીકભાઈ રાઉમાંએ ગુજરનારને આડેધડ ઢીકાપાટુ મારવા લાગેલ હતા જેથી ગુજરનાર સલિમભાઈ લોહીલુહાણ હાલતમાં ત્યાં નીચે પડી ગયેલ હતા અને ચારેય આરોપીઓ ત્યાંથી ભાગી ગયેલ હતા બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ આવી જતાં ગુજરનારને સરકારી હોસ્પિટલે લઈ ગયા હતા ત્યાં ફરજ પરના હાજર ડોક્ટરશ્રીએ



ફરિયાદી જાકીર જુસબભાઈ વણથરાના મોટા ભાઈ સલિમભાઈને મૃત જાહેર કરેલ હતા. જે બાબત ફરિયાદી જાકીર જુસબભાઈ વણથરાએ થોરાળા પોલીસ સ્ટેશનમાં તમામ આરોપીઓ ૧) આવેશ ઉર્ફે અવલો અયુબભાઈ ઓડિયા, ૨) આબિદ ગનીભાઈ ઓડિયા, ૩) અનીશ આબિદભાઈ ઓડિયા, ૪) અરબાઝ રફીકભાઈ રાઉમાં વિરુદ્ધ ૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦-બી, ૧૧૪ વિગેરે કલમો અન્વયે ગુન્હો નોંધાવેલ હતો. જેથી પોલીસે આરોપીઓ વિરુદ્ધ તપાસ ચાલુ કરીને ગુન્હામાં સંડોવાયેલ તમામ આરોપીઓ ૧) આવેશ ઉર્ફે અવલો અયુબભાઈ ઓડિયા, ૨)આબિદ ગનીભાઈ ઓડિયા, ૩) અનીશ આબિદભાઈ ઓડિયા, ૪) અરબાઝ રફીકભાઈ રાઉમાંની થોરાળા પોલીસે ધરપકડ કરેલ તેમજ આરોપીઓ પાસેથી ગુન્હામાં વપરાયેલ લોહીવાળી છરીઓ તથા આરોપીના લોહીવાળા કપડાઓ કબ્જે કરેલ તેમજ સમગ્ર બનાવ સી.સી.ટી.વી. માં આવી ગયેલ હોય તેની ફૂટેજ પણ કબ્જે કરેલ અને આરોપીઓના ફોટાઓ સાથે સદરહુ ફૂટેજ એફ.એસ.એલ ખાતે મોકલેલ હતી તથા આરોપીઓને જેલ હવાલે કરેલ અને તેમના વિરુદ્ધ ચાર્જશીટ કરેલ. ત્યારબાદ હાલનો કેસ રાજકોટની એડી.સેશન્સ કોર્ટમાં ચાલી જતાં બનાવ નજરે જોનાર સાહેદો, ફરિયાદીની જુબાની, વિવિધ પંચનામાં ના પંચો, મેડિકલ ઓફિસરની જુબાની તથા તપાસ કરનાર અધિકારી વિગેરે ની જુબાની નોંધ્યા બાદ તથા ફરિયાદપક્ષ અને આરોપીના વકીલ ની દલીલો સાંભળ્યા બાદ તથા આરોપી તરફે ઉચ્ચ ન્યાયાલયોના ચુકાદાઓના માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાને લઈને રાજકોટ એડિશનલ સેશન્સ કોર્ટ દ્વારા તમામ આરોપીઓ ૧) આવેશ ઉર્ફે અવલો અયુબભાઈ ઓડિયા, ૨) આબિદ ગનીભાઈ ઓડિયા, ૩) અનીશ આબિદભાઈ ઓડિયા, ૪) અરબાઝ રફીકભાઈ રાઉમાંને શંકાનો લાભઆપી છોડી મુકવાનો હુકમ કરેલ છે. આ કામમાં બધાજ આરોપીઓ ૧) આવેશ ઉર્ફે અવલો અયુબભાઈ ઓડિયા, ૨) આબિદ ગનીભાઈ ઓડિયા, ૩) અનીશ આબિદભાઈ ઓડિયા, ૪) અરબાઝ રફીકભાઈ રાઉમાં વતી રાજકોટના ધારાશાસ્ત્રી રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફેઝાનભાઈ સમા, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા રોકાયેલ હતા.

# માળીયા મિયાણાના જૂની ખીરઈ ગામે પોલીસ ટીમ ઉપર હુમલો, છ જવાનો ઘાયલ થયા

## જૂની ખીરઈ ગામે નામચીન બુટલેગરના ઘરે દરોડા દરમ્યાન બનેલો બનાવઃ પીઆઈ પર હત્યાનો પ્રયાસ કરનાર સાત મહિલા સહિત નવ આરોપી ઝબ્બે

**મુખ્ય સમાચાર,મોરબી**

માળીયા મિયાણા તાલુકાના જૂની ખીરઈ ગામે નામચીન દારૂના ધંધાર્થીના ઘરે દરોડો પાડવા ગયેલા પીઆઈ સહિતની ટીમ ઉપર બુટલેગરના પરિવારની સાત મહિલાઓ સહિતના ૧૦ આરોપીઓએ પીઆઈ ઉપર છરી વડે હીંચકારો હુમલો કરવાનો પ્રયાસ કરી છુટા પથ્થરના થા મારી ગાડીમાં નુક્શાન કર્યુ હતું. આ બનાવમાં ૬ પોલીસ જવાનોને નાની મોટી ઈજા પહોંચાડતા ફરજમાં રૂકાવટ સહિતની કલમો હેઠળ પોલીસે ગુનો નોંધ્યો હતો. આ અંગેની સુત્રોમાંથી મળતી માહિતી મુજબ માળીયા મિયાણા તાલુકાના જૂની ખીરઈ ગામે નામચીન દારૂના ધંધાર્થી ઈકબાલ ઈર્ફે ઈ કો હાજીભાઈ મોવરના ઘરે દારૂની રેડ કરવા ગયેલા પીઆઈ સહિતની ટીમે આરોપી,ઈ કબાલ ઈર્ફે



ઈકો હાજીભાઈ મોવરને ઝડપી લેતા તેના પરિવારના સભ્યો હાજીભાઈ ઓસામાણભાઈ, યુસુફ અલ્લારખા,સારબાઈ હાજીભાઈ મોવર,નશીમબેન અલ્લારખા સંઘવાણી, મુમતાજ અનવરભાઈ ભટ્ટી, આઈ સા રફીકભાઈ મોવર, નજમાબેન ઈકબાલ મોવર,અનીષા ઈકબાલભાઈ મોવર તમન્ના યુસુફભાઈ સંઘવાણી સહિતનાએ મંડળી રચી પોલીસને ગાળો આપી છરી,લાકડાના ધોકા,પાઈપ જેવા જીવલેણ હથીયારો વડે હુમલો કર્યો હતો.જેમાં ૬ પોલીસમેનને ઈજા પહોંચતા તમામને સારવાર અર્થે ખસેડયા હતા. તેમજ પીઆઈ પર ઉપરોક્ત શખસોએ છરી વડેહુમલો કરી હત્યાના પ્રયાસ કરી સરકારી વાહનોમાં પથ્થરોના ઘા કરી કાચ ફોડી નાખી નુકશાન કર્યુ હતું.

બનાવ બાદ આરોપી યુસુફ સફેદ કલરની ફોરચ્યુનર ગાડી લઈ નાશી ગયો હતો. બીજી તરફ જૂની ખીરઈ ગામની આ ઘટનામાં મહિલાઓ સહિતના લોકો પણ સારવારમાં ખસેડયા હતા.અને માળીયા મિયાણા પોલીસે કારણ વગર માર મારી પરિવારના પુરૂષોને ઢસડીને લઈ ગયા હોવાનો આક્ષેપ કર્યા હતા.

### સાત મહિલા સહિત નવ આરોપીઓની ધરપકડ

માળીયા તાલુકાના જૂની ખીરઈ ગામે પોલીસ ઉપર હુમલાની ઘટના બાદ પોલીસે કોમ્બિંગ કરી આરોપી ઇકબાલ ઈર્ફે ઈકો હાજીભાઈ મોવરઅને તેના પિતા હાજીભાઈ ઓસામાણભાઈ મોવર ઉપરાંત હુમલાખોર સાતેય મહિલાઓની ધરપકડ કરી છે. પોલીસે કોમ્બિંગ દરમિયાન ઇ કબાલ ઉર્ફે ઇકાનીવધુ બે દેશી દારૂની ભઠ્ઠીનો નાશ કરી આરોપીના ઘરમાંથી રોકડ તેમજ હથિયાર કબ્જે કર્યા હોવાનું ડીવાયએસપી સમીર સારડાએ જાહેર કર્યુ હતું. નાશી છુટેલા યુસુફની પોલીસે શોધખોળ હાથ ધરી છે.

# સોખડામાં મહીલાની પિતરાઈ બહેને પ્રેમલગ્ન કરી લેતા મંગેતરે કરેલ એસિડ એટેકમા દાઝેલી મહિલાનું સારવારમાં મોત

## પિતરાઇ બહેન પારસની એક વર્ષ પૂર્વે સગાઇ થઇ હતીઃ બનાવ હત્યામાં પલટાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા સોખડા ગામમાં રહેતી વર્ષાબેન ગોરીયા (ઉ.વ ૩૪) નામની પરિણીતા પર સોખડા ગામમાં જ રહેતા પ્રકાશ સરવૈયા નામના શખસે એસિડ ફેંક્તા મહિલાને ગંભીર હાલતમાં સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી આ ઘટનામા વર્ષાબેનને વધુ સારવાર માટે સિવીલ હોસ્પીટલે ખસેડવામા આવતા ત્યા તેમનુ સારવાર દરમ્યાન મોત નીપજતા બનાવ હત્યામા પલ્ટાયો હતો આ ઘટનામા કુવાડવા પોલીસે અગાઉ આરોપી વિરુધ્ધ ગુનો નોંધી ધરપકડ કરી હતી . હવે આ ઘટનામા હત્યાની કલમનો ઉમેરો કરવામા આવશે. આરોપી પ્રકાશનું સગપણ વર્ષાએ તેની પિતરાઈ બહેન પારસ સાથે કરાવ્યું હોય દરમિયાન આરોપીની મંગેતર પ્રેમ લગ્ન કરી ચાલી જતા આ બાબતનો ખાર રાખી ગઈ તા ૨૨/૧ નાં રોજ તે ક્યાં છે તે બાબતે વર્ષા જાણતી હોવા છતા કહેતી ન હોય તેવી શંકા રાખી તેણે એસિડ ભરેલી સ્ટીલની બરણી સાથે અહીં પરિણીતાના ઘરે ધસી આવી તેના પર એસિડ ફેંક્યું હતું. મળતી વિગતો મુજબ, રાજકોટની ભાગોળે કુવાડવા રોડ પર આવેલા સોખડા ગામમાં રહેતા વર્ષાબેન માધાભાઈ બોરીયા(ઉ.વ ૩૪) નામની કોળી પરિણીતા પર અહીં સોખડા ગામમાં જ રહેતા પ્રકાશ પ્રવીણભાઈ સરવૈયા નામનો શખસ અહીં પરિણીતાના ઘરે એસિડ ભરેલી સ્ટીલની બરણી સાથે ધસી આવ્યો હતો અને બાદમાં તેણે પરિણીતા પર એસિડ ફેંક્તા પરિણીતાના ચહેરાના ભાગે તથા શરીરના અન્ય ભાગે એસિડ ઉડતા તે ગંભીર રીતે દાઝી ગઈ હતી જેથી તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી આ ઘટનામા મહીલાની




હાલત ગંભીર જણાતા તેમને સારવાર માટે સિવીલ હોસ્પીટલે ખસેડવામા આવી હતી જયા તેણીનુ સારવાર દરમ્યાન મૃત્યુ નીપજતા બનાવ હત્યામા પલ્ટાયો હતો. એસિડ હુમલાની આ ઘટનાને લઈ કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઈ બી.પી. રજયા સહિતનો સ્ટાફે જે તે સમયે પ્રકાશ વિરૂધ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ કરી હતી. ભોગ બનનાર વર્ષાબેને અગાઉ નોંધાવેલી પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેણીના કાકાની દિકરી પારસબેનની સગાઈ આરોપી પ્રકાશ સાથે કરાવી હોય જે સગાઈ કરાવવામાં વર્ષાબેન મધ્યસ્થી રહ્યા હોય દરમિયાન પારસ અન્ય યુવક સાથે પ્રેમ લગ્ન કરી જતી રહી હતી. હાલ તે ક્યાં છે અને તેનું સરનામું જાણવા છતાં કહેતા ન હોવાની શંકા રાખી આરોપીએ તેની સાથે બોલાચાલી કરી એસિડ એટેક કર્યો હતો. આ ઘટનાને લઈ કુવાડવા રોડ પોલીસે પરિણીતાની ફરિયાદ પરથી આરોપી સામે બીએનએસની કલમ ૧૨૪(૧), ૩૩૩ મુજબ ગુનો નોંધી આરોપી પ્રકાશ સરવૈયાને ઝડપી લીધો હતો.

# કિસાનપરા ચોકમાં કેસ પાછો ખેંચી લેવાનું કહી પત્ની-પુત્રીને ફીનાઈલ પીવડાવી દીધું હોવાનો આક્ષેપ

## શક્તિ કોલોનીમાં રહેતી મહિલા અને તેની પુત્રી પર નહેરૂનગરમાં રહેતા પતિ-પુત્ર સહિતનાનો હુમલો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કિશાનપરા ચોકમાંથી શકિત કોલોનીમાં રહેતી મહિલા અને તેની દિકરી પણ નહેરૂનગરમાં અલગ રહેતા પતિ, પુત્ર સહિતના શખ્સોએ હુમલો કરી ફીનાઈલ પીવડાવી દેતા બન્નેને ગંભીર હાલતમાં સારવારમાં સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે જાણ થતા એ ડીવીઝન પોલીસ હોસ્પીટલ દોડી ગઈ હતી.



પ્રાપ્ત વિગત મુજબ શકિત કોલોનીમાં રહેતા યાસ્મીનબેન સુલતાનભાઈ કોચલીયા (ઉ.૪૨) અને તેની દિકરી સાહિસ્તા સુલતાન કોચલીયા (ઉ.૧૭) મોડી રાતે સીવીલ હોસ્પીટલમાં સારવાર માટે દાખલ થયા હતા. ત્યારે સારવારમાં રહેલ યાસ્મીનબેને તેમના પતિ સુલતાન અને સલમાને માર મારી ફીનાઈલ પીવડાવી દીધાનું અને વચ્ચે પડેલ દિકરી સાહિસ્તાને આગલા ઘરની દીકરી કરીશ્મા અને નણંદની દીકરી ટીનાએ ફીનાઈલ પીવડાવી દીધાનું કહેતા સીવીલ ચોકીના સ્ટાફે એ ડીવીઝન પોલીસને જાણ કરી હતી.

વધુમાં યાસ્મીનબેને જણાવ્યું હતું કે તેના સુલતાન કોચલીયા સાથે ૧૨ વર્ષ પહેલા લગન થયા હતા. સંતાનમાં એક દિકરી તથા એક દિકરો છે. સુલતાનને આગલા ઘરની એક દિકરી પણ છે. તેણીનો પતિ સુલતાન ફોટોગ્રાફી અને વીડિયો શુટીંગનું કામ કરે છે પતિ અલગ નહેરૂનગરમાં રહે છે અને પોતે તેની દિકરી સાથે કિશાનપરા ચોક નજીક આવેલ શકિત કોલોનીમાં રહે છે. પતિ સામે સાતેક મહિના પહેલા કેસ કર્યો હોય તેની બે દિવસમાં તારીખ છે. દિકરા સલમાને પણ અગાઉ માતા પુત્રી પર હુમલો કર્યો હોય તેના વિરૂધ્ધ પણ ફરીયાદ કરી હતી. કેસ પાછા ખેંચી લેવાનું કહી પતિ-પુત્ર સહિતના શખ્સોએ મારકૂટ કરી ફીનાઈલ પીવડાવી દીધાનું જણાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# રૈયારોડના શ્રી હરિ એમ્પાયરમાં પાંચમાં માળે ઈલેકટ્રીકની દુકાનમાં ભીષણ આગ



## કોમ્પ્યુટર, એસી સહિતનો માલ બળીને ખાખઃ યુવાન ઈજાગ્રસ્ત થયો

શહેરના રૈયા રોડ વિસ્તારમાં આવેલ બિલ્ડીંગના પાંચમા માળે આગ ભભુકતા છઠ્ઠા માળ સુધી ઓસરી હતી. બનાવની જાણ થતા જ ફાયર ફાયટરો દોડી જઈ પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો.આગમાં કોમ્પ્યુટર, એસી સહિતનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો.અને આગમાં બારીના કાચ ભુટતા એક યુવાન ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે ખસેડાયો હતો. રૈયારોડ પર તુલસી સુપર માર્કેટ સામે આવેલ શ્રી હરિ એમ્પાયરના પાંચમાં માળે આવેલ ઈલેકટ્રીકની દુકાનમાં સ્પેર પાર્ટસમાં તથા છઠ્ઠા માળ સોલાર પેનલમાં આગ ભભુકી હતી. બનાવના પગલે લોકોના ટોળા એકઠા થયા હતા. ઘટનાની ફાયર બ્રિગેડને કરતા સ્ટાફ દોડી જઈ પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. આગ લાગતા બારીઓના કાચ ફટી ગયા હતા. જેમાં ભાવેશભાઈ વઘેરા ઉ.૩૫ નામના યુવકને ઈજા પહોંચતા સારવાર અર્થે ખસેડયા હતા. આગના બનાવમાં ઈલેકટ્રીકની દુકાનમાં કોમ્પ્યુટર, વોશિંગમશીન, એસી સહિતનો સામાન બળીને ખાખ જઈ જતા દુકાન માલિકને લાખો રૂપિયાનું નુકશાન થયાનું જાણવા મળ્યું છે.

# કાલાવડ રોડ પર સાયકલ સવાર યુવકનું સિટીબસની ઠોકરે મોત

## દહીંસરા ગામે વૃધ્ધનું અજાણ્યા વાહને હેડફેટે લેતા મૃત્યુઃ પ્રૌત્રીને ઈજા


કાલાવડ રોડ પર સીટીબસના ચાલકે સાયકલ સવાર યુવકને અને દહીસરા ગામે અજાણ્યા વાહન ચાલકે વૃધ્ધને ઠોકરે લેતા મોત નિપજયું હતું. શહેરમાં આત્મીય કોલેજ સામે વૃંદાવન સોસાયટીમાં રહેતા દુર્ગશકુમાર હેમરાજ મીણા ઉ.૧૯ નામનો યુવક સવારે નવ વાગ્યા આસપાસ સાયકલ લઈ જાગનાથ-૪માં આવેલ કેબલની ઓફિસે કામ પર જતો હતો ત્યારે કણસાગરા કોલેજ સામે જીજે ૦૩ બીઝેડ ૪૯૭૦ નંબરના સીટી બસ ચાલકે યુવકને હડફેટે લેતા હાથે-શરીરે ઈજા પહોંચી હતી.બનાવના પગલે લોકોના ટોળા એકઠા થયા હતા.અને ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડાયો હતો.જયાં ટુંકી સારવાર દરમ્યાન યુવકે હોસ્પિ.ના બિછાને દમ તોડી દેતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી માલવિયાનગર પોલીસને જાણ કરી જરૂરી કાર્યવાહી કરી હતી.પ્રાથમિક તપાસમાં મૃતક મૂળ રાજસ્થાનનો વતની છે. ૧ વર્ષ પુર્વે જ કામ કરવા રાજકોટ આવ્યો હતો.અને ત્રણ ભાઈ-બહેનમાં મોટો હોવાનું જાણવા મળ્યું છે. તેમજ પડધરીના દહીસરા ગામે રહેતા સવજીભાઈ કાળાભાઈ ચાવડા ઉ.૬૨ નામના વૃધ્ધ બપોરે બે વાગ્યા આસપાસ બાઈક ચલાવી જતા હતા.ત્યારે પડધરી મેલડી માતાજીના મંદીર પાસે પહોંચતા અજાણ્યા એકટીવાના ચાલકે ઠોકરે લેતા વૃધ્ધને માથે-શરીરે ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડ્યા હતા.જયાં ટુંકી સારવાર દરમ્યાન વૃધ્ધે હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી પડધરી પોલીસને જાણ કરી કાર્યવાહી કરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતકની પૌત્રી ધો.૧૦ની પરિક્ષા આપવા પડધરી તાલુકામાં ગઈ હતી.પરિક્ષા પૂર્ણ થતા પૌત્રીને તેડી પરત ઘરે આવતા હતા. ત્યારે બનાવ બનતા પૌત્રીને પણ સામાન્ય ઈજા પહોંચી હોવાની મૃતકના સગાએ જણાવ્યું હતું.મૃતક મજૂરી કામ કરતા હતા. વૃધ્ધના મોતથી ત્રણ સંતાનોએ પિતાનું છત્ર ગુમાવ્યું છે.

# જાગનાથ પોલીસ ચોકી સામેના કિલનીકમાંથી કેમેરા-મોબાઈલની ચોરી

## પ્ર.નગર પોલીસ ટીમે સીસીટીવીના આધારે તપાસ હાથ ધરી

શહેરમાં જાગનાથ પોલીસ ચોકીની સામે જ આવેલ ક્લિનિકમાં ત્રાટકી રૂ.૧.૨૫ લાખના કેમેરા અને - મોબાઈલની ચોરી કરી નાસી છૂટતાં ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે ગુનો નોંધી પ્ર. નગર પોલીસની ટીમે સીસીટીવી ફટેજના આધારે તપાસનો ધમધમાટ આદર્યો હતો. બનાવ અંગે કાલાવડ રોડ પર નંદનવન સોસાયટીમાં રહેતાં ડૉ.દીલીપ ફલાભાઈ પટેલ (ઉ.વ.૬૭) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓને જાગનાથ પોલીસ ચોકીની સામે સીટી શોપ બિલ્ડીંગમા ૧૦૧ નંબરની ઓફીસ છે ત્યા દાંતના દવાખાનામાં પ્રેકટીસ કરે છે. ગઈ તા. ૨૧ ફેબ્રુઆરી ના તેઓ નિત્યક્રમ મુજબ ક્લિનિક સાંજે સાડા છ વાગ્યાની આસપાસ બંધ કરી ઘરે જતાં રહેલ હતાં. બીજા દિવસે તા. ૨૨ ના સાડા દસ વાગ્યે ક્લિનિકનું શટર ખોલીને જોતા પાછળની સાઈડમાં આવેલ કાચની બારી તે કોઈ પણ રીતે ખોલીને ક્લિનિકમાં અંદર ઘુસી ટેબલના ડ્રોવરમાં રહેલ રૂ.૧૦ હજારનો મોબાઈલ ચોરી કરી કોઈ અજાણ્યો શખ્સ નાસી છૂટ્યો હતો. તેમજ તા.૦૨/૦૩/૨૦૨૫ ના તેઓ ક્લિનિક બંધ કરી ઘરે જતાં રહેલ અને બીજા દિવસે સવારના ક્લિનિક ખોલીને જોતા એ જ રીતે ક્લિનિકની પાછળની બારી ખોલી કોઈ અજાણ્યો ચોર માણ બારી વાટે પ્રવેશ કરિ ડ્રોવરમાં રહેલ રૂ.૧.૧૫ લાખના બે કેમેરાની ચોરી કરી તસ્કર લઈ ગયેલ હતો. તેમજ સાથે સાથે લાકડાના કબાટમાં રહેલ લોકર તોડેલ છે પણ તેમાથી કાઈ ચોરી થયેલ ન હતી. જેથી કોઈ અજાણ્યો તસ્કર અલગ અલગ દિવસે ક્લિનિકમાં બારી વાટે પ્રવેશ કરી કુલ રૂ.૧.૨૫ લાખનો મુદ્દામાલ ચોરી કરી નાસી- છૂટતાં ફરીયાદ નોંધાવી હતી. વધુમાં ક્લિનિકના સ્ટાફના જણાવ્યા અનુસાર સીસીટીવી કેમેરામાં એક શખ્સ ચોરી કરતાં કેદ થયો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી પ્ર. નગર પોલીસે ગુનો નોંધી પીએસઆઈઆઈ.એ.બેલીમ અને ટીમે સીસીટીવી ફટેજના આધારે તસ્કરને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# શાપર વેરાવળમાં રૂપિયા ૨.૨૯ લાખના વિદેશી દારૂ સાથે બુટલેગરની ધરપકડ



શાપર વેરાવળમાં આવેલા ગણેશ નગરમાં રહેતા બુટલેગરના મકાનમાં ગ્રામ્ય એલસીબીની ટીમે દડો પાડી વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરની ધરપકડ કરી છે. અંગેની સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ગ્રામ્ય એલસીબી ટીમના પીઆઈ વીવી વડોદરા ની સૂચનાથી પીએસઆઇ એચસી ગોહિલ એએસઆઈ બાલકૃષ્ણભાઈ તથા રવિદેવભાઈ અને બ્રિજરાજસિંહ સહિતનો સ્ટાફ શાપર વેરાવળના ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે ગણેશ નગરમાં રહેતો સોહીલ ઉર્ફે રેહાન શાહ નવાજ ખરેડીયા નામના બુટલેગરના મકાનમાં દરોડો પાડતા જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારૂની ૩૪૪ બોટલ કિંમત રૂપિયા ₹૨,૨૯,૫૨૦ નો જથ્થો મળી આવતા પોલીસે સોહિલ ઉર્ફે રેહાનની ધરપકડ કરી મુદ્દામાલ કબજે કર્યો હતો.

# શહેરમાં ચાર સ્થળોએથી બાઈકની ઉઠાંતરી કરનાર બે વાહન ચોર ઝડપાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં અલગ અલગ ચાર જગ્યાએથી વાહનોની ચોરી કરનાર બે વાહન ચોરને ક્રાઈમ બ્રાન્ચ અને થોરાળા પોલીસે દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી હતી.

ક્રાઈમ બ્રાન્ચ ના પીઆઈ એમ આર ગોંડલીયા તથા એમ.એલ ડામોર ની સુચનાથી પીએસઆઈ એમ કે મોરલિયા તથા વિશાલભાઈ અને સંજયભાઈ સહિતનો સ્ટાફ શાસ્ત્રી મેદાન તરફના વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે લીમડા ચોક પાસેથી રાહુલ ઉર્ફે ટકો અશોક વિકાણી નામના વાહન ચોરને ચોરાઉ બાઈક સાથે દબોચી લઈ આખરી પૂછપરછ કરતા આ શકશે અગાઉ રાજકોટ શહેર અને મોરબી જિલ્લામાં અલગ અલગ ત્રણ જગ્યાએથી ત્રણ બાઈકો ની ચોરી કરી હોવાની કબૂલાત આપતા પોલીસે ₹૫૦,૦૦૦ ની કિંમતના ત્રણ બાઈકો કબજે કર્યા હતા. જ્યારે બીજા બનાવમાં થોરાળા પોલીસ મથકના પીઆઈ એનજી વાઘેલા ની સૂચનાથી એએસઆઈ દેવશીભાઈ અને રાજેશભાઈ તથા હેડ કોન્સ્ટેબલ જયદીપસિંહ જાડેજા સહિતનો સ્ટાફ બાયપાસ રોડ પર રામવન તરફ જવાના રસ્તે પેટ્રોલિંગમાં હતા ત્યારે મેહુલ ઉર્ફે બટેકી ચંદુ મકવાણા રહે કુબલીયાપરા મચ્છી ચોક ને ચોરાઉ બાઈક સાથે દબોચી લઈ ₹૫૦,૦૦૦ ની કિંમત નું બાઈક કબજે કર્યુ હતું.

# ફુટપાથ પર સુવા બાબતે પ્રૌઢની હત્યાના કેસમાં આરોપીને આજીવન કેદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં વર્ષ ૨૦૨૧માં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ફૂટપાથ પર સુવા જેવી બાબતે આરોપી જયંતી જોટાણીયાએ ૪૫ વર્ષીય પ્રૌઢને પથ્થરના ઘા ઝીંકી પતાવી દીધા હતા. જે કેસમાં અદાલતે આરોપીને આજીવન કેદની સજા ફટકારી છે.

આ કેસની હકિકત મુજબ, ગત તારીખ ૦૪/૦૯/૨૦૨૧ ના રોજ ૧૫૦ રીંગ રોડ પર, પર્લ હોસ્પિટલની આગળ કૃતિ ઓનીલા બિલ્ડીંગના સામેના ભાગે રોડની સાઈડમાં ફુટપાથ ઉપર ૪૫ વર્ષીય દિનેશભાઈ નામના વ્યક્તિની પથ્થરના ઘા ઝીંકી હત્યા થઈ હતી. જે અંગે તેના ભાણેજ કાંતીભાઈ રવજીભાઈ મકવાણાએ આરોપી જયંતી જોટાણીયા વિરૂધ્ધ માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવેલ હતી.

ફરિયાદ મુજબ, મૃતક દિનેશભાઈ રાજકોટમાં છુટક ડ્રાઈવીંગનું કામ કરતા અને રખડતુ ભટકતુ જીવન જીવી ૧૫૦ ફૂટ રીંગ રોડ પર સુઈ રહેતા હતા. નજરે જોનાર સાક્ષી મહેન્દ્રગીરીએ જણાવેલ કે, રાત્રીના આશરે ૮.૩૦ વાગ્યે આસપાસ પોતે અહીં ૧૫૦ રીં ગ રોડ ફુટપાથ પરથી નીકળેલા ત્યારે આરોપી જયંતી જોટાણીયાએ દિનેશભાઈ સાથે ફુટપાથ ઉપર સુવા જેવી સામાન્ય બાબતે ઝઘડો કરી એક મોટો પથ્થર લઈ કપાળના ભાગે જોરથી ઘા મારી ભાગી ગયેલ અને જેનાથી ગુજરનારનુ મૃત્યુ થયેલ હતું.

પોલીસે આરોપીની ધોરણસર અટક કરેલી પાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો મેળવી કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરેલ કેસ ચાલવા પર આવતા સરકાર તરફે સરકારી વકીલે ૧૪ સાક્ષીઓને તપાસેલા તથા ૩૧ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા હતા. અને દલીલો કરી હતી કે, આરોપીના



પરાગ શાહ

કપડા ઉપર મૃતકના લોહીના નિશાન મળેલ છે. બનાવ બાદ નજરે જોનારા સાક્ષી મહેન્દ્રગિરિએ આરોપીને ઓળખી બતાવતા પોલીસ દ્વારા તેની ધરપકડ કરવામાં આવી હતી.

બંને પક્ષકારોની વિગતવાર રજૂઆત અને દલીલોના અંતે સેશન્સ કોર્ટે હત્યા કેસમાં આરોપી જયંતી નટુભાઈ જોટાણીયાને આજીવન કેદની સજા ફટકારી હતી.આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ પરાગ. એન. શાહ રોકાયેલા હતા.